તમામ પરીક્ષાઓમાં રેકોર્ડ બ્રેક સ્કોર કરાવતું હસ્તલિખિત મેગેઝિન

# મે (May) 2024

## PART 1
### Dt. 01 to 15

કરન્ટ અફેર્સ તો Crack GPSC નું જ


ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

CRACK GPSC

UPSC - GPSC - PI - PSI - RFO

Dy. SO/મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ


CCE | TAT | TET | HTAT

7600051070




GPSC, PSI, CCE થી લઈ કોન્સ્ટેબલ - દરેક પરીક્ષામાં ઉપયોગી

E-Book




- 22 પ્રકરણો, 565 pages
- 4500+ પ્રેક્ટિસ પ્રશ્નો
- દરેક પ્રશ્નનું સોલ્યુશન
- ઓફલાઈન મોબાઈલ ડાઉનલોડ સુવિધા જેથી ઈન્ટરનેટ વિના પણ જોઈ શકાય.
- 2 વર્ષની વેલિડિટી




Only @ 22/-

76000 51070

ડેમો કોપી ઉપલબ્ધ

ડાઉનલોડ કરો M K SIR મોબાઈલ એપ અને વિઝિટ કરો E BOOK વિભાગ

રામમંદિર પ્રાણપ્રતિષ્ઠા આનંદ મહોત્સવ નિમિત્તે

# હાર નહિ માનુંગા

## કોઈ પણ પરીક્ષા માટે થઈ જાઓ તૈયાર



ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ


**CRACK GPSC**

## FEE ની ચિંતા છોડો, FREE તૈયારી કરો.

- **Video Courses** પર ક્લિક કરી **કોર્સ** પર ક્લિક કરો.
- **Redeem Code** પર ક્લિક કરી **CrackGPSC** કોડ દાખલ કરો.
- **APPLY** પર ક્લિક કરો. આપના કોર્સ તરત જ ON થઈ જશે.

(કોડ એક જ વખત નાખવો, વધુ વખત નાખવાથી કોર્સ કાયમ માટે બંધ થઈ શકે છે.)

અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.


ફરી એકવાર Dy. SO પરીક્ષામાં
સાબિત કરી દીધું કે...
માત્ર 225 પેજની
આ બુક સ્પર્ધાત્મક
પરીક્ષાઓ માટે છે
પરમાણુ બોમ્બ
LATEST
આ બુક તો વાંચવી જ પડે...
ફાસ્ટ ટ્રેક
બંધારણ
એક બુક
બધી પરીક્ષાઓ
Crack GPSC easily with...
Crack GPSC
Crack GPSC ની બુક્સ જોરદાર જ હોય
40%
ડિસ્કાઉન્ટ
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
7600051070


ઘરે ઘરે વસાવવા લાયક
552 પાનાં ધરાવતું
દળદાર પુસ્તક
શાળા, કોલેજ કે સરકારી પરીક્ષાની તૈયારી કરતા
વિદ્યાર્થીઓ માટે
હું છું
ગુજરાત
ગુજરાત માટે આવી બુક
જોઈ નહિ હોય
આ બુક તો વાંચવી જ પડે...
હું છું 'ગુજરાત'
એક બુક, બધી પરીક્ષાઓ
Crack GPSC easily with...
Crack GPSC
40%
ડિસ્કાઉન્ટ
,તમામ સંદર્ભ પુસ્તકો, સરકારી પુસ્તકો
સરકારી વેબસાઇટ્સ, પાઠ્યપુસ્તકોનો
ક્રમબદ્ધ, વ્યવસ્થિત અને
ઓથેન્ટિક રીતે ઉલ્લેખ
40થી વધુ નકશાઓ
દ્વારા રજૂઆત
MRP. 496/-
Only 299/-
Crack GPSC
વધુ વિગત માટે Whatsapp કરો 7600051070

# કોઈપણ પરીક્ષા માટે થઈ જાઓ તૈયાર

જેટલી વહેલી મહેનત શરૂ કરશો, એટલી વહેલી સફળતા મળશે.

## અમારાં મહત્વનાં પુસ્તકો - આજે જ વસાવો

UP TO **40%** OFF

**IAS, IPS, DySP, Dy. Collector કે Class 1/2/3 અધિકારી બનવાનું કે સરકારી નોકરી મેળવવાનું આપનું સ્વપ્ન કરો સાકાર**




MRP. ~~496/-~~ Only @ 299/-




MRP. ~~380/-~~ Only @ 230/-




MRP. ~~380/-~~ Only @ 230/-




Coming...




Coming...

**કોઈ પણ 3 BOOKS એક સાથે લેવા પર સ્પેશ્યલ Rs. 50/- Extra ડિસ્કાઉન્ટ**




MRP. ~~270/-~~ Only @ 162/-




MRP. ~~230/-~~ Only @ 170/-




MRP. ~~385/-~~ Only @ 235/-




MRP. ~~280/-~~ Only @ 168/-




MRP. ~~180/-~~ Only @ 126/-

ORDER

Visit website crackgpsc.com/books OR અથવા Crack GPSC એપમાં BOOKS વિભાગ પરથી OR અથવા અહીં આપેલ QR કોડ દ્વારા પેમેન્ટ કરો.

કુરિયર સર્વિસ FREE (4 થી 5 દિવસમાં ડિલીવરી)

QR કોડથી પેમેન્ટ કરીને સ્ક્રીનશોટ 76000 51070 પર Whatsapp કરો.

**Crack GPSC ની બુક્સ જોરદાર જ હોય**

સરકારી નોકરીની તૈયારી માટે

76000 51070

ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

**CRACK GPSC**

# * 1 મે - 2024 *

## (*) BSNL ના 4-G ગ્રાહકોની સંખ્યા - 8 લાખને પાર

[I] સરકારી ટેલિકોમ કંપની ભારત સંચાર નિગમ લિમિટેડના ગ્રાહકોની સંખ્યા 8 લાખને પાર થઈ.

[II] BSNL એ ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ અને સરકારના સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ ટેલિમેટિક્સ (C-DOT) સાથે મળીને વિકસિત સ્વદેશી નેટવર્કની સ્થાપના કરી છે.

[III] આ નેટવર્કથી ઓગસ્ટ-2024 સુધીમાં દેશના પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ વિસ્તારમાં 4G નેટવર્ક સ્થાપિત થઈ જશે. જ્યારે નવેમ્બર-ડિસેમ્બર સુધીમાં સમગ્ર ભારતમાં નેટવર્ક સેટ કર્યા બાદ આગામી 12 મહિનામાં 5G સેવાઓ શરૂ થશે.

## (*) દુનિયાની સૌથી મોટું જેલીફિશ તળાવ, જ્યાં 7 લાખ જેલીફિશ છે.

[I] 400 મીટર લંબાઈ, 30 મીટર ઊંડાઈ અને 20 મીટર કિનારાની જડાઈ ધરાવતા આ તળાવની ઉંમર સમુદ્રના સ્તરના વધારાના આધારે માપતા 12 વર્ષ વર્ષ આંકવામાં આવે છે.



[II] પશ્ચિમ પ્રશાંત મહાસાગરના પલાઉ નામના દેશમાં આવેલ આ તળાવમાં 7 લાખ જેટલી જેલીફિશો રહે છે.

[III] અહીં 2 પ્રજાતિની જેલીફિશ જોવા મળે છે
① ગોલ્ડન ② મૂન

[IV] આ સ્થળ મરીન સેન્ચ્યુરી (અભયારણ્ય) હોવાને કારણે 80% પાણીને સંરક્ષિત રાખવામાં આવે છે.

Current Affairs By C.H.Shingala GPSC

**[*] બ્રૂ પ્રવાસી પ્રથમવાર ત્રિપુરા મતદાતા તરીકે લોકસભા ચૂંટણીમાં ભાગ લેશે.**

[I] મિઝોરમના લગભગ 37,000 બ્રૂ પ્રવાસી જેઓ હાલ ત્રિપુરામાં વસ્યા છે તેઓએ પ્રથમવાર મતદાનમાં ભાગ લેશે.

[II] મિઝોરમમાં જાતીય સંઘર્ષ શરૂ થયા બાદ લગભગ 37,000 બ્રૂ પ્રવાસીઓ ચાલ્યા ગયા. જે પૂર્વોત્તર ભારતનું અત્યાર સુધીનું સૌથી મોટું આંતરિક વિસ્થાપન માનવામાં આવે છે. 1997થી તેઓ ઉત્તરી ત્રિપુરાના પારગમન શિબિરોમાં વસવાટ કરે છે. અને રાજ્યના 11 સ્થાનોમાં (6 જિલ્લાના) તેમને સ્થાયીત્વ અપાયું છે.

[III] 16 જાન્યુ. 2020 એ તેમને ત્રિપુરામાં સ્થાયી રૂપથી વસવાટ માટે હસ્તાક્ષર કરવામાં આવ્યા બાદ તેઓને મતાધિકાર પણ આપવામાં આવ્યો છે.




Current Affairs
C.H.Shingala
GPSC

**[*] અરૂણાચલ પ્રદેશના ટેલ અભયારણ્યમાં દુર્લભ તિતલીની પ્રજાતિ મળી આવી.**

[I] ભારતમાં પ્રથમવાર ઓરિટ્સ ફાઈસારા નામક એક દુર્લભ તિતલીની પ્રજાતિની શોધ કરવામાં આવી. જે સામાન્યરીતે લોન્ગ બાઈડ સેલ તરીકે ઓળખાય છે.

[II] આ શોધ અરૂણાચલ પ્રદેશના સુબનસિરી જિલ્લામાં ટેલ વૈલી વન્યજીવ અભયારણ્યમાં કરવામાં આવી. આ પ્રજાતિ પૂર્વી સાયબેરિયા, કોરિયા, જાપાન, મધ્ય અને દક્ષિણ-પશ્ચિમ ચીન સહિત પૂર્વી એશિયાના વિવિધ ક્ષેત્રોમાં જોવા મળે છે.

[III] આ શોધ માટે ૬ સદસ્યીય ટીમમાં અતનુ બોસ, મહેશ બરૂઆ, અભિષેક દત્તા ચૌધરી અને પ.બંગાળના અનિતાભ રોય તથા તરૂણ કર્મકરનો સમાવેશ થાય છે.

[IV] આ શોધ 'ટ્રોપિકલ લેપિડોપ્ટેરા રિસર્ચ'ના અંકમાં પ્રકાશિત કરવામાં આવી છે.

## (*) માઈક્રોસોફ્ટનું AI મોડલ- ફી-3 મીની

[I] મેટાએ લામા 3 લાર્જ લેંગ્વેજ મોડલ (LLM) નું અનાવરણ બાદ માઈક્રોસોફ્ટ AI મોડલ ફી-3 મિનીનું અનાવરણ કર્યું જે માઈક્રોસોફ્ટના નાના મોડલો જે આવનારા સમયમાં રજૂ થવાના છે તેમાંનું એક છે.

[II] આ મોડલે ભાષા, તર્ક, કોડિંગ અને ગણિત જેવા ક્ષેત્રોમાં વિવિધ બેંચમાર્કના સમાન આકાર સાથે પ્રદર્શન કર્યું. જે ગ્રાહકો પ્રત્યેની ઉપલબ્ધ ઉચ્ચ ગુણવત્તા યુક્ત ભાષા આધારિત પસંદગીનો વિસ્તાર કરાવે છે.

[III] ફી-3 મિની એક 3.8B ભાષા મોડલ, માઈક્રોસોફ્ટ એઝ્યોર AI સ્ટુડિયો, હગિંગફેસ, ઓલામા જેવા AI પ્લેટફોર્મ પર ઉપલબ્ધ છે. તથા આ AI મોડલ લેપટોપ અને સ્માર્ટફોન જેવા ઉપકરણો પર વિશેષ પ્રદર્શન આપે છે.




## (*) આંતરરાષ્ટ્રીય નૃત્ય દિવસ- 29 એપ્રિલ

[I] વિશ્વભરમાં લોકોને વિવિધ નૃત્ય શૈલીઓ બાબતે પ્રોત્સાહિત અને શિક્ષિત કરવાના ઉદ્દેશ્યો સાથે આ દિવસ મનાવાય છે. જે જીન જોર્જ નોવેરની જયંતીને ચિહ્નિત કરે છે.

[II] જીન એક ફ્રાંસીસી નર્તક હતા. જેમણે નૃત્ય ક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

[III] 1982માં આજ દિવસે ઈન્ટરનેશનલ થિયેટર ઈન્સ્ટીટ્યૂટ (ITI) ની નૃત્ય સમિતિની સ્થાપના થઈ હતી.

- UNESCOની પ્રદર્શન કલાના મુખ્ય ભાગીદાર
- વડુમથક - પેરિસ, ફ્રાંસ

## (*) CII એ સ્ટાર્ટઅપ માટે કોર્પોરેટ ગવર્નન્સ ચાર્ટર લોન્ચ કર્યો

I. ભારતીય ઉદ્યોગ પરિસંઘ (CII) એ તેના જીવનચક્રના વિશિષ્ટ ચરણોના આધારે દિશાનિર્દેશો આપ્યા.

II. આ ચાર્ટર માટે કંપની અધિનિયમ, 2013 હેઠળ નિગમિત સંસ્થાઓ માટે તૈયાર કરાયો. જેના માટે 'સ્ટાર્ટઅપ' શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે.

III. આ ચાર્ટર વ્યવહાર કોર્પોરેટ બનવામાં સ્ટાર્ટઅપને મદદરૂપ થશે તથા તેને સુશાસિત સ્થાપિત કરવાની અનુમતિ આપશે.

## (*) આયુષ્યમાન ભારત દિવસ - 30 એપ્રિલ

I. આયુષ્યમાન ભારત યોજના બાબતે જાગૃતતા લાવવા આ દિવસ મનાવાય છે.

II. યોજના અંતર્ગત, ભારત સરકાર તમામની સસ્તી, ઉચ્ચ ગુણવત્તા યુક્ત સ્વાસ્થ્ય સેવાઓ આપે છે.

III. જરૂરિયાતમંદ વ્યક્તિને સરકારી હોસ્પિટલ અને ક્લિનિકમાં મફત ઈલાજ માટે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના પણ શરૂ કરવામાં આવી છે.

IV. આ યોજના હેઠળ 10.74 કરોડથી વધુ ગરીબ પરિવારોને રૂ. 5 લાખનું મફત સ્વાસ્થ્ય સેવા પેકેજ આપવામાં આવે છે.

V. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના 23 સપ્ટેમ્બર, 2018 એ રાંચી, ઝારખંડથી PM મોદીએ લોન્ચ કરી હતી.




Current Affairs By C.H.Shingala
GPSC

# ✱ 2 મે - ૨૦૨૪ ✱

## ✱ કોવિશીલ્ડ વેક્સિનની આડઅસરનો છંછેડાયેલો મુદ્દો.

I. હાલમાં કોરોનાની વેક્સિન કોવિશીલ્ડ બનાવનારી કંપની એસ્ટ્રાજેનેકાએ બ્રિટનની અદાલતમાં વેક્સિનથી આડ અસર થતી હોવાની વાત કબૂલી છે.

II. એસ્ટ્રાજેનેકાએ આ રસી ઓક્સફર્ડ યુનિવર્સિટી સાથે મળીને બનાવી હતી.

III. એપ્રિલ, ૨૦૨૧માં જેમી સ્કોટ નામની વ્યક્તિએ બ્લડ ક્લોટિંગની અસર થતા અદાલતમાં એસ્ટ્રાજેનેકાની વિરુદ્ધ ફરિયાદ કરી.

IV. તપાસના આધારે કંપનીએ સ્વીકાર્યું કે વેક્સિનના કારણે થ્રોમ્બોસાઈટોપેનિયા સિન્ડ્રોમ થઈ શકે છે. જેના કારણે બ્લડ ક્લોટિંગ થતા હાર્ટએટેક કે બ્રેઈન સ્ટ્રોક આવી શકે.

V. ભારતમાં આ વેક્સિનનું નિર્માણ સીરમ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા બનાવવામાં આવી હતી. એસ્ટ્રાજેનેકાની આ રસી વિશ્વના વિવિધ દેશોમાં કોવિશીલ્ડ અને વેક્સજેવરિયાના નામે આપવામાં આવી છે.

VI. હાલ કંપની સામે અલગ અલગ આડઅસરના કારણે 51 જેટલાં કેસોમાં રૂ. 1 હજાર કરોડના વળતરની માંગ કરી છે. ત્યારે કંપનીએ કરેલા આ સ્વીકાર પર અદાલતનો ચુકાદો સર્વોપરી રહેશે અને તેના પર હાલ સૌની નજર અટકી છે.

## ✱ 1-મે- વિશ્વ મજૂર દિવસ.

I. ૧૮૮૬માં અમેરિકાના વિવિધ શહેરમાં લગભગ 40 હજાર મજૂરો હડતાલ પર ઉતર્યા. તેમની માંગ હતી કે કામના કલાકો ૮ જ હોવા જોઈએ અને અઠવાડિયે 40 કલાકથી વધુ કામ ન થઈ શકે.

[II] ઘટનાના પગલે શિકાગોના હેમાર્કેટ ચોકમાં હિંસા ફાટી નિકળી અને બોમ્બ ફેંકાતા કેટલાક મજૂરો મૃત્યુ પામ્યા. આ ઘટના ઈતિહાસમાં હેમાર્કેટ અફેર્સ કે રાયોટ તરીકે પ્રખ્યાત છે.

[III] આ ઘટનાના પગલે અન્ય દેશોમાં પણ મજૂર આંદોલનો સફળ થતા આ દિવસ મજૂર દિવસથી ઉજવવાની શરૂઆત થઈ.

[IV] આ દિવસ ઉજવણીનો મુખ્ય હેતુ મજૂરોના કામના કલાકો નિર્ધારિત થાય, કામના સ્થળે સલામતી અને સુવિધા મળે, પૂરતું વેતન મળે અને માનવાધિકાર જળવાઈ રહે તેવો છે.

• **Facts** •

(A) ILO ના આંકડાં મુજબ ભારતમાં લોકો અઠવાડિયે 46 કલાક કામ કરે છે.

(B) ડેન્માર્ક, જર્મની જેવા વિકસિત દેશોમાં 26 કલાક કામના છે.

(*) જાતીય સમાનતાનું ઉદાહરણ. પ્રથમવાર SC-ST સમુદાયના 4 સંત મહામંડલેશ્વર બન્યા.

[I] દેશમાં સમતા મૂલક સમાજની સ્થાપનાથી જ ભારતને વિશ્વગુરુ બનાવવાની સિદ્ધિ હાંસલ કરવાના ભાગરૂપે પટ્ટાભિષેક કાર્યક્રમમાં આ સંતોને મહામંડલેશ્વર બનાવાયા.

[II]
1. રાજકોટના શામળદાસજી સંત ગુરુ મંગળદાસજી
2. ભાવનગરના શામળદાસજી સંત ગુરુ પ્રેમદાસજી
3. સુરેન્દ્રનગરના કૃષ્ણદાદનજી સંત હરિપ્રસાદ મહારાજ
4. ભાવનગરના કિરણદાસજી મોહનદાસજી બાપુ.

[III] સ્વતંત્રતા નેતાઓ અને આધ્યાત્મિક ગુરુઓના નેતૃત્વમાં શરૂ થયેલાં આવા કાર્યક્રમો જાતિ આધારિત અવરોધને દૂર કરવાની સાથે સનાતન ધર્મમાં સમાવેશને પ્રોત્સાહન આપે છે. અને હજારો વર્ષ જૂની પરંપરાનો અંત લાવી નવા યુગની શરૂઆત તરફ સમાજને લઈ જાય છે.

Current Affairs By C.H.Shingala

**✱ ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્ય સ્થાપના દિવસ- 1 મે**

I 1956માં ભારત સરકારે ભાષા આધારિત રાજ્યોની રચના માટે એક પેનલની રચના કરી. જેણે તત્કાલીન રાજ્ય મુંબઈમાંથી ગુજરાતી ભાષા બોલતા ગુજરાત અને સૌરાષ્ટ્રના લોકોને અલગ ગુજરાત રાજ્ય આપ્યું.

II ગુજરાત રાજ્યની માંગ માટે ઈન્દુલાલ યાજ્ઞિકની આગેવાનીમાં 'મહાગુજરાત આંદોલન' થયું હતું. જેના પરિણામે 1 મે, 1960ના રોજ ગુજરાત રાજ્યની સ્થાપના થઈ.

III વર્ષ 2024માં રાજ્યોએ - 64 મો સ્થાપના દિવસ મનાવ્યા.

**✱ ડૉ. કૃષ્ણા એલને આઈવીએમએ (ઈન્ડિયન વેક્સિન મેન્યુફેક્ચરર્સ એસોસિએશન)ના અધ્યક્ષ નિયુક્ત કરાયા.**

Current Affairs By CH Shingala GPSC

I ડૉ. કૃષ્ણાએ અદાર પૂનાવાલા પાસેથી આ પદ ગ્રહણ કર્યું. પૂનાવાલા 2019 થી 2024 સુધી આ પદ પર રહ્યા.

II ડૉ. કૃષ્ણા ભારત બાયોટેકના કાર્યકારી અધ્યક્ષ અને સહ-સંસ્થાપક છે. અને તેઓ 'જિનોમ વેલી'ના જનક તરીકે ઓળખાય છે.

III ડૉ. કૃષ્ણાને વર્ષ 2024-26 એમ બે વર્ષ માટે અધ્યક્ષ બનાવાયા છે.

IV મહિમા દતલાને IVMAના ઉપાધ્યક્ષ નિયુક્ત કરવામાં આવ્યા છે જેઓ બાયોલોજિકલ-ઈના પ્રબંધક નિર્દેશક છે.

(અન્ય નિયુક્ત - IVMAની)

1. ટી.શ્રીનિવાસ- કોષાધ્યક્ષ
2. ડૉ. હર્ષવર્ધન- મહાનિર્દેશક.

**[*] દુબઈએ અલ મકતૂમ ઈન્ટરનેશનલમાં દુનિયાના સૌથી મોટાં હવાઈ મથકની યોજના બનાવી.**

[I] ઉપરાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી અને દુબઈના શાસક શેખ મોહમ્મદ બિન રાશિદે આ પરિયોજનાને મંજૂરી આપી છે.

[II] આ યોજના વિમાન ઉદ્યોગમાં ક્રાંતિ લાવવા અને વૈશ્વિક પરિવહન કેન્દ્રના રૂપમાં દુબઈની સ્થિતિને મજબૂત બનાવશે. તથા યોજના પૂર્ણ થયા બાદ, અલ મક્તૂમ આંતરરાષ્ટ્રીય હવાઈ મથકની વાર્ષિક ક્ષમતા ૨૦૦ મિલિયન યાત્રિઓની થશે જે દુનિયાના કોઈપણ હવાઈ મથકની તુલનાએ વધુ છે.

[III] આ નવા ટર્મિનલમાં 400 વિમાન દ્વાર, 5 સમાંતર રનવે હશે.

**[*] ૨૦૨4 કેમ્બ્રિજ સમર્પિત શિક્ષક પુરસ્કાર**

[I] મૂળ રીતે કેરળના તિરૂવનંતપુરમમાં રહેનાર અને ૨૦૦5થી સતત UAEમાં કામ કરતા અવર ઓન ઈંગ્લિશ હાઈસ્કૂલ, શારજાહ ગર્લ્સ બ્રાંચના શિક્ષિકા જીના જસ્ટસને આ પુરસ્કાર અપાયો છે.

[II] આ પુરસ્કાર માટે ૨૦૨4માં 141 દેશોમાંથી 14,840 લોકોએ નામાંકન કર્યું છે.

[III] આ પુરસ્કાર અસાધારણ પ્રાથમિક અને માધ્યમિક વિદ્યાલયના શિક્ષકોને સન્માનિત કરે છે.

[IV] જીના જસ્ટસને મધ્ય પૂર્વ અને ઉત્તરી આફ્રિકાના ક્ષેત્રીય વિજેતા નામિત કરવામાં આવ્યા હતા.

Current Affairs By G.H.Shingala GPSC

# ✱ 3 મે-2024 ✱

**✱ પ્લાસ્ટિક પ્રદૂષણને દૂર કરવા વિશ્વને એક વૈશ્વિક સંધિની જરૂરિયાત.**

I. માઉન્ટ એવરેસ્ટની ટોચ થી લઈ પ્રશાંત મહાસાગરના તળિયા સુધી હાલ કચરો ફેલાયેલો છે. પ્લાસ્ટિક પ્રદૂષણ પર અંકુશ લાવવા વિશ્વની પ્રથમ સંધિ પર ચર્ચા કરવા 175 દેશોના અનુભવીઓ કેનેડાના ઓટાવામાં એકઠા થયા.

II. 2024ના અંત સુધીમાં પ્લાસ્ટિક પ્રદૂષણ પર કાયદાકીય રીતે અમલી સંધિ માટે 2022 બાદ આ ચોથીવાર ચર્ચા થશે અને વર્ષના અંત ભાગમાં ~~અંત~~ દક્ષિણ કોરિયા ખાતે આ બાબતે આખરી બેઠકનું આયોજન થશે.

III. પ્રસ્તાવિત પ્લાસ્ટિક સંધિ જળવાયુ પરિવર્તન પરના 2015ના પેરિસ સમજૂતી બાદથી સૌથી મહત્વપૂર્ણ પર્યાવરણીય સંધિ બનશે. આ સંધિ અમીર દેશોને ગરીબ દેશોને, તેમના પ્લાસ્ટિક ઉત્સર્જનમાં ઘટાડાના લક્ષ્યને પૂરા કરવામાં મદદરૂપ થવા પર ભાર મૂકશે.

IV. 1950 બાદ વિશ્વભરમાં પ્લાસ્ટિક ઉત્પાદનમાં વૃદ્ધિ જોવા મળી. જે 1950માં માત્ર 2 મિલિયન મેટ્રિક ટન હતો તે 2019માં 450 મિલિયન મેટ્રિક ટનથી વધુનો થયો છે. પ્લાસ્ટિકના વિઘટનને 20 થી 500 વર્ષ સુધીનો સમય લાગે છે અને વર્તમાનમાં 10% થી પણ ઓછું પ્લાસ્ટિક રિસાયકલ થાય છે.

V. પ્લાસ્ટિક કચરો નદી અને મહાસાગરોમાં પહોંચ્યો છે જ્યાં તે નાના કણોમાં વિભાજિત થઈ માઈક્રોપ્લાસ્ટિક બને છે. અને આ માઈક્રોપ્લાસ્ટિક જળવાયુ પરિવર્તનમાં યોગદાન આપી રહ્યું છે.

Current Affairs By C.H. Shergala

**(*) ભારતના ઔદ્યોગિક સામાનોની આયાતમાં ચીનની 30% ભાગીદારી.**

[I] GTRI અનુસાર પાછલાં 15 વર્ષ દરમિયાન ભારતની ઔદ્યોગિક સામાનની આયાતમાં ચીનની ભાગીદારી 21% થી વધીને 30% થઈ. ઈલેક્ટ્રોનિક્સ, મશીનરી અને ટેલીફોન જેવી ચીની ઔદ્યોગિક વસ્તુઓ પર ભારતની વધતી નિર્ભરતા આ રિપોર્ટમાં ઉજાગર થાય છે.

[II] આ રિપોર્ટ આર્થિક થિંક ટેંક ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિએટિવ (GTRI) એ તૈયાર કર્યો છે.

[III] ચીનની આયાત 2018-19માં 70.3 બિલિયન અમેરિકી ડૉલર થી વધીને 2023-24માં 101 બિલિયન અમેરિકી ડૉલરથી વધુની થઈ. ચીનનો વધતો વ્યાપાર એ ચિંતાનો વિષય છે. જેનો પ્રભાવ સ્થિરતા અને રાષ્ટ્રીય સુરક્ષા પર મહત્વપૂર્ણ પ્રભાવ પાડે છે.

[IV] રિપોર્ટના આધારે જાણી શકાય છે કે ભારતની કુલ આયાતની 15% ચીનથી આયાત થાય છે. ચીન મશીનરી ક્ષેત્રમાં 19 બિલિયન અમેરિકી ડૉલરના યોગદાન સાથે છે જ્યારે ભારતનું આ ક્ષેત્રમાં આયાત 39.6% છે.

Current Affairs By C.H. Shingala GPSC

**(*) સરકાર હાલનો વિસ્ફોટક અધિનિયમ-1884 બદલવાની યોજના બનાવી રહી છે.**

[I] વ્યાપારમાં સરળતાને વધારવા, સરકાર હાલનો આ કાયદો બદલશે. આ માટે સરકારે વિસ્ફોટક વિધેયક 2024 રજૂ કર્યો.

[II] ઉદ્યોગ અને આંતરિક વેપાર સંવર્ધન વિભાગ (DPIIT)એ નિયમોના ઉલ્લંઘન પર દંડ વધારવાનો પ્રસ્તાવ રાખ્યો છે.

[III] નવા કાયદા અનુસાર કોઈ લાયસન્સ ધારક નિયમોનું ઉલ્લંઘન કરે તો ત્રણ વર્ષની કેદ અને 1,00,000 રૂ. નો દંડ અથવા બંને થઈ શકે છે.

(IV) નવા કાયદા અનુસાર કોઈ વિસ્ફોટક પોતાની પાસે રાખે, તેનો ઉપયોગ કરે અથવા વેચે કે કોઈને મોકલે તો તેને છ વર્ષની જેલ અને રૂ.50,000 સુધીના દંડની જોગવાઈ છે.

(V) વર્તમાનમાં પેટ્રોલિયમ અને વિસ્ફોટક સુરક્ષા સંગઠન (PESO) કોઈ પણ વિસ્ફોટક સામગ્રીના નિર્માણ, ઉપયોગ, વેચાણ, આયાત અને નિકાસ માટે જવાબદાર છે. 1884નો અધિનિયમ બ્રિટિશ સરકારે વિસ્ફોટકોના નિર્માણ, સંગ્રહ, ઉપયોગ, વેચાણ, આયાત, નિકાસના વિનિયમન માટે અધિનિયમિત કરાયો હતો.

(vi) 1884નો વિસ્ફોટક અધિનિયમ અધિકારીઓની સુરક્ષા નિયમોનું અનુપાલન સુનિશ્ચિત કરવા અને પરિસરોના નિરીક્ષણ માટેની શક્તિ આપે છે, જ્યાં વિસ્ફોટક સંગ્રહીત કરેલ છે અથવા ઉપયોગ થાય છે.

## (*) રુઆંગ જ્વાળામુખી - ઈન્ડોનેશિયા.

(I) ઈન્ડોનેશિયાનો રુઆંગ જ્વાળામુખી જે સુલાવેસી દ્વીપ પર સ્થિત છે તે ફાટતા. હવાઈમથકો બંધ કરી દેવાયા છે

(II) વિસ્ફોટ બાદ, ઈન્ડોનેશિયામાં જ્વાળામુખી વિજ્ઞાન અને ભૂવૈજ્ઞાનિક જોખમ અટકાયત કેન્દ્રએ ઉચ્ચસ્તરની ચેતવણી આપી છે.

(III) ઉત્તરી સુલાવેસી પ્રાંતના રુઆંગ દ્વીપ પર 800થી વધુ લોકો રહે છે. જેમાંના તમામને હાલ સ્થળાંતરીત કરાયા છે.

(IV) ઈન્ડોનેશિયા 'પેસિફિક રિંગ ઓફ ફાયર' પર સ્થિત છે. પેસિફિક રિંગ ઓફ ફાયર અનેક ટેક્ટોનિક પ્લેટોનું મિલન બિંદુ છે અને તીવ્ર ભૂકંપીય ક્ષેત્ર છે.

(V) રુઆંગ સાંગિહે દ્વીપ સમૂહમાં સૌથી દક્ષિણી સ્ટ્રેટોવોલ્કેનો છે. સ્ટ્રેટો-વોલ્કેનો મિશ્રિત જ્વાળામુખી પણ કહેવાય છે. જે શંકુ આકારે હોય છે.

## (✱) ગોલ્ડમેન પર્યાવરણ પુરસ્કાર- 2024

I. આલોક શુક્લાએ એશિયા તરફથી આ પુરસ્કાર જીત્યો છે. આ પુરસ્કાર તેમણે હસદેવ અરણ્ય અભિયાન માટે જીત્યો છે. ગોલ્ડમેન ફાઉન્ડેશન અનુસાર હસદેવ આંદોલન ભારતમાં પર્યાવરણ ન્યાયના એક મોડલ તરીકે હતું.

II. આલોક શુક્લા છત્તીસગઢ બચાવો આંદોલનના સંયોજક છે. અને હસદેવ અરણ્ય બચાવો સંઘર્ષ સમિતિના સંસ્થાપક સભ્ય છે.

III. આલોક શુક્લાના નેતૃત્વમાં સામુદાયિક અભિયાને છત્તીસગઢમાં 21 નિયોજિત કોલસા ખાણોમાંથી 445000 એકર જૈવ વિવિધતાના જંગલો બચાવ્યા. અને સરકારે પ્રસ્તાવિત 21 કોલસા ખાણો રદ્દ કરી. આ હસદેવ અરણ્યના જંગલો છત્તીસગઢના ફેફસાંના નામથી પ્રખ્યાત છે. તે હસદેવ નદીનું જલગ્રહણ ક્ષેત્ર છે અને હસદેવ નદી મહાનદીની સહાયક નદી છે.

IV. હસદેવ અરણ્યને 2010માં નો-ગો ઝોન ઘોષિત કરવામાં આવ્યું હતું.

### • ગોલ્ડમેન પર્યાવરણ પુરસ્કાર •

(A) રિચર્ડ અને રૌડા ગોલ્ડમેન દ્વારા 1989માં સ્થાપિત આ પુરસ્કાર ગોલ્ડમેન પર્યાવરણ ફાઉન્ડેશન દ્વારા આપવામાં આવે છે.

(B) આ પુરસ્કાર 6 ક્ષેત્રના જમીની સ્તરના પર્યાવરણ નેતાઓને માન્યતા આપે છે.

(C) આ ક્ષેત્રોમાં એશિયા, આફ્રિકા, યુરોપ, ઉ. અમેરિકા, દ. અને મધ્ય અમેરિકા, દ્વીપ અને દ્વીપ રાષ્ટ્રોનો સમાવેશ થાય છે.

(D) વિજેતાઓને $ 2,00,000 ની રકમથી સન્માનિત કરવામાં આવે છે.

Current Affairs By C.H. Shingala
કરન્ટ અફેર્સ
Daily કરન્ટ અફેર્સ PDF અપને ટેલિગ્રામ ચેનલમાં મેળવો.
/CrackGPSCapp
Crack GPSC

## ⊛ 4 મે - 2024 ⊛

### ⊛ પોસ્ટ ઇન્વેસ્ટમેન્ટ સમિટ ઇંડિયા - નેપાળ B2B મીટ.

I. ભારતીય દૂતાવાસ, કાઠમંડુમાં ત્રીજા ઇન્ડિયા- નેપાળ B2B મીટનું આયોજન થયું.

II. આ આયોજન ઇન્વેસ્ટમેન્ટ બોર્ડ ઓફ નેપાલ અને નેપાળી ઇન્ડિયા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના સહયોગથી કરવામાં આવ્યું.


III. ડેટા સેન્ટરની સ્થાપના અને સંચાલન માટે નેપાળના BLC ગ્રૂપ અને ભારતના યોટ્ટા ડેટા સર્વિસેસ પ્રા. લિ. દ્વારા એક સમજૂતી હસ્તાક્ષર કરવામાં આવ્યા.

### ⊛ IIT ગુવાહાટીએ 3-D-પ્રિન્ટેડ ડમી બેલેટ યૂનિટ બનાવ્યું.

I. કામરૂપ ચૂંટણી જિલ્લામાં વ્યવસ્થિત મતદાતા શિક્ષણ અને ચૂંટણી ભાગીદારીના એક આવિષ્કારિત નવી વસ્તુ આપવા 3-D પ્રિન્ટેડ મશીન તૈયાર કરવામાં આવ્યું.

II. આ મશીનનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકો, પ્રથમવારના મતદાતા અને વરિષ્ઠ નાગરિકોને મતદાન પ્રક્રિયા બાબતે સૂચિત કરવાનો છે.

III. ડમી યૂનિટથી મતદાતાઓ અગાઉ માહિતી મેળવી લેવાના કારણે મતદાન પ્રક્રિયામાં સરળતા થશે.



3D Printed Dummy Ballot Unit developed by IIT Guwahati

Front side — Back side

**[*] સ્કોટલેન્ડના પ્રથમ મુસ્લિમ ફર્સ્ટ મિનિસ્ટરે 13 માસના કાર્યકાળ બાદ રાજીનામું આપ્યું.**

[I] બ્રિટિશ પાકિસ્તાની સ્કોટિશ ફર્સ્ટ મિનિસ્ટર હમઝા યુસુફે આ સપ્તાહે આવેલા બે અવિશ્વાસ મતોમાં એક તેમની વિરૂદ્ધમાં અને એક તેમની સરકારની વિરૂદ્ધમાં બાબતે રાજીનામું આપ્યું. અને તેમણે સ્કોટિશ નેશનલ પાર્ટીના નેતા પદેથી રાજીનામું આપ્યું.

[II] સ્કોટિશ ગ્રીન્સ સાથે SNPના ગઠબંધનના તૂટ્યા બાદ યુસુફના નેતૃત્વની આલોચના થઈ જેના કારણે વિપક્ષી દળોએ અવિશ્વાસ પ્રસ્તાવ મૂક્યો.


[III] ૨૦૨૩માં SNP એ ફંડિંગ ગોટાળા, પૂર્વ નેતા નિકોલા સ્ટર્જનનું પ્રસ્થાન જેવા અનેક મુદ્દાઓનો સામનો કરવો પડયો હતો.

[IV] હવે સ્કોટિશ સંસદ પાસે પ્રસ્થાપન માટે હવે ૨૮ દિવસ છે. અન્યથા નવી ચૂંટણી આયોજિત થશે.

**[*] ISROના અધ્યયનમાં ચંદ્રના પોલર ક્રેટરમાં water-ice (જલ-બરફ)ની સંભાવના જોવા મળી.**

[I] ISROના વૈજ્ઞાનિકોએ IIT કાનપુર, દક્ષિણ કેલિફોર્નિયા યુનિવર્સિટી, જેટ પ્રોપલ્શન પ્રયોગશાળા અને IIT ધનબાદના શોધકર્તાઓના સહયોગથી 'ચંદ્રમા પર જલ-બરફની પહોંચ અને ઉત્પત્તિ' શીર્ષક સાથે અધ્યયન આપ્યું. અને તેને ઇન્ટરનેશનલ સોસાયટી ફોર ફોટોગ્રામેટ્રી એન્ડ રિમોટ સેન્સિંગ જર્નલમાં પ્રકાશિત કરાયો.

[II] અધ્યયન અનુસાર ઉત્તર અને દક્ષિણ ધ્રુવોની સપાટી પર હાજર બરફની માત્રાથી લગભગ 5 થી 8 ગણો વધુ આ બરફ જોવા મળ્યો.




[III] ડેટા ચંદ્રયાન-2 ડ્યુઅલ-ફ્રીક્વેંસી સિંથેટિક એપર્ચર રડાર ઉપકરણથી પોલારિમેટ્રિક રડાર ડેટાનો ઉપયોગ કરી મેળવાયો છે.

Current Affairs By C H Shingala

**[✱] 127 વર્ષ બાદ, ગોદરેજ પરિવારે તેમનું વ્યાપારિક સામ્રાજ્યને વિભાજિત કર્યું.**

I 127 વર્ષ જૂના ગોદરેજ સમૂહના સંસ્થાપક પરિવારે કંપનીને અલગ કરવાનો નિર્ણય લીધો. જે તેમના વિવિધ પોર્ટફોલિયો માટે પ્રસિદ્ધ છે જેમાં તાળાથી લઈ સાબુ અને રિયલ એસ્ટેટ તથા વિમાન પણ સામેલ છે.

II 1897માં સ્થાપિત કંપનીએ પરિવારના આદર્શોમાં ચોકસાઈ, અને સ્વામિત્વને જાળવી રાખવા 'સન્માનજનક અને સચેત' પગલાંઓના લીધે પ્રખ્યાત બની.

III ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝ ગ્રુપના નેતૃત્વ પરિવર્તન થશે, જેમાં જમશેદ ગોદરેજ ગોદરેજ એન્ટરપ્રાઈઝના અધ્યક્ષ અને પ્રબંધક નિર્દેશક અને ન્યારિકા હોલ્કર કાર્યકારી નિર્દેશક બનશે.

IV નાદિર ગોદરેજ GIGના અધ્યક્ષ રહેશે, આદિ ગોદરેજ અને તેનો પરિવાર પ્રબંધન (સંચાલન)ની જવાબદારી સંભાળશે.




V પિરોજશા ગોદરેજ કાર્યકારી ઉપાધ્યક્ષ તરીકે રહેશે અને 2026માં તેઓ નાદીરનું સ્થાન લેશે.

Current Affairs By CHShingala

**[✱] વિશ્વ ટૂના દિવસ - 2 મે**

I ટૂનાના મહત્વ બાબતે જાગૃતતા લાવવા અને ઉત્પાદન વધારવાના ઉદ્દેશ્ય સાથે આ દિવસ મનાવાય છે.

II 2016માં UN મહાસભાએ વિશ્વ ટૂના દિવસની ઉજવણી માટે મતદાન કર્યું અને 2017માં પ્રથમવાર આ દિવસ મનાવાયો.

III ટૂના એક લોકપ્રિય માછલી છે. જેનો સમગ્ર દુનિયામાં ખાવા માટે ઉપયોગ કરવામાં આવે છે. હાલ વધુ ને વધુ માછલી પકડવાની અને તેનો ઘટતો જથ્થો એ ખતરા સમાન બાબત છે.



**✳ ભારતમાં માંસાહારી પક્ષીઓની સંખ્યા સર્વાહારી પક્ષીઓની તુલનામાં ઘટાડો થઈ રહ્યો છે.**

I. તાજેતરમાં જાહેર થયેલ સ્ટેટ ઓફ ઈન્ડિયાઝ બર્ડ્સ રિપોર્ટ ૨૦૨૩ અનુસાર ભારતીય પક્ષી પ્રજાતિઓ, વિશેષત: માંસાહારી, કીટાહારી અને દાણા ખાનાર, સર્વાહારીની સંખ્યા ઘટી રહી છે. આહાર પર પડેલ પ્રભાવને કારણે આ સમગ્ર પ્રભાવ પક્ષીઓના જોવા મળ્યો છે.

II. રિપોર્ટ અનુસાર, દેશભરમાં ફળો અને રસ પર નિર્ભર 942 પક્ષી પ્રજાતિઓ છે. મોટાભાગે પક્ષી પ્રજાતિઓ સરળતાથી સંસાધનો પ્રાપ્ત થાય તે માટે. ગ્રામીણ વિસ્તારમાં પોતાનો વસવાટ સ્થાયી કરે છે.

III. પક્ષીઓની આબાદી ફક્ત તેમના આવાસો પરની સીધી અસરના કારણે જ નહિ પરંતુ ખાદ્ય સંસાધનોની ઉપલબ્ધતાના કારણે પણ પ્રભાવિત થાય છે.

IV. 2020માં ગાંધીનગરમાં પ્રવાસી પ્રજાતિઓ પર કન્વેંશનના પક્ષકારોના સંમેલનમાં ભારતમાં પક્ષીઓની સ્થિતિ પર પ્રથમવાર રિપોર્ટ તૈયાર કરાયો. જેનાથી ભારત નિયમિત રૂપે પક્ષીઓની સ્થિતિનું આકલન કરતાં દેશોની યાદીમાં સ્થાન પામ્યો

⊙ પક્ષીઓની સ્થિતિના આકલન માટે ⊙ ત્રણ સૂચકાંક

1. છેલ્લાં 30 વર્ષમાં આવેલ પરિવર્તન
2. છેલ્લાં 8 વર્ષમાં આવેલ વાર્ષિક પરિવર્તન
3. ભારતમાં પક્ષીઓના વસવાટની સીમાનું વિતરણ.




Current Affairs By C.H. Siringala GPSC

એક એપ બધી પરીક્ષાઓ
સરકારી નોકરી ની તૈયારી કરો
RFO | TAT | TET | HTAT
ગુજરાતની નં. 1 એપ સાથે
CRACK GPSC
UPSC - GPSC - PI - PSI - Dy.SO/મામલતદાર - બિનસચિવાલય ક્લર્ક - તલાટી - કોન્સ્ટેબલ
76000 51070

# * 5 મે- 2024 *

## [*] દુનિયાનું સૌથી ઊંડું બ્લુ હોલ- મેક્સિકો

[I] દુનિયાનું સૌથી ઊંડુ બ્લુ હોલ મેક્સિકોના શોધકર્તાઓએ શોધ્યું, પરંતુ સમસ્યા એ છે કે હજુ સુધી તેના અંત સુધી કોઈ પહોંચ્યું નથી.

[II] તામ જા' બ્લુ હોલ (TJBH) નામક આ સાઈટ પર દુનિયાનું સૌથી ઊંડું પાણી છે. અને આ શોધ દરમિયાન કરવામાં આવી છે. સ્કૂબા ડાઈવિંગ અભિયાન

[III] અંદાજ મુજબ TJBH સમુદ્ર તળથી ઓછામાં ઓછા 1380 ફૂટ (420મીટર) નીચે ફેલાયેલ છે. યુકાટન પ્રાયદ્વીપના દક્ષિણ પૂર્વ તટ પર ચેતુમલ ખાડીમાં સ્થિત, નવા શોધાયેલ બ્લુ હોલ 2021માં શોધાયેલ બ્લુ હોલથી 480 ફૂટ વધુ ઊંડો છે.

[IV] બ્લુ હોલ એ પાણીથી ભરેલ ઊભી ગુફા કે સિંકહોલ છે. જે તટીય ક્ષેત્રમાં જોવા મળે છે. અને તેનો ચૂનાનો પથ્થર, સંગેમરમર કે જિપ્સમ જેવા તત્વોનો આધાર મળે છે.

Current Affairs By C.H. Shingala GPSC

## [*] એર માર્શલ નાગેશ કપૂર એર ઓફિસર કમાંડર-ઈન-ચીફ ટ્રેનિંગ કમાંડ તરીકે પદ સંભાળશે.

[I] તેઓ ડિસે. 1986માં ભારતીય વાયુસેનામાં જોડાયા અને ફ્લાઈંગ ઈન્સ્ટ્રક્ટર તથા ફાઈટર કોમ્બેટ લીડર તરીકે કામ કર્યું.

[II] તેઓ 3400 કલાકથી વધુના ઉડાનનો અનુભવ ધરાવે છે. અને 2008માં વાયુસેના પદક તથા 2022માં અતિ વિશિષ્ટ જેવા પદકથી સન્માનિત થયા હતા.

[III] પ્રશિક્ષણ કમાન ભારતીય વાયુ સેનાની કમાન છે જે ઉડાન અને જમીની પ્રશિક્ષણનું કાર્ય કરે છે. તેની સ્થાપના 1949માં થઈ અને વડુંમથક બેંગ્લોર, કર્ણાટકમાં આવેલું છે.

**(*) ટેલિકોમ ઈન્ડસ્ટ્રી ભારતમાં વાઈ-ફાઈ 6-E રાઉટર્સના વેચાણ પર પ્રતિબંધ લગાવવાની માંગ કરી રહ્યું છે.**

[I] દૂરસંચાર ઉદ્યોગ સંસ્થા COAI એ ડેટા ટ્રાન્સમિશન માટે નિર્ધારિત 6GH સ્પેક્ટ્રમ બેન્ડના ઉપયોગ કરતા વાઈ-ફાઈ 6-E રાઉટર પર પ્રતિબંધની માંગ કરી છે. જોકે સરકારે હાલ આ ફ્રિક્વન્સીના ઉપયોગ પર નિર્ણય કર્યો નથી.

[II] સેલ્યુલર ઓપરેટર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (COAI)-ના આરોપ અનુસાર વિવિધ ઓફલાઈન વ્યાપારી અને ઈ-કોમર્સ પ્લેટફોર્મ જેવા કે એમેઝોન, ફ્લિપકાર્ટ અને મોબિલિક્સ આવા રાઉટર વેચે છે.

[III] ફરીયાદી અનુસાર આ ઉપકરણો હજુ સુધી કોઈ ઉદ્દેશ્ય સાથે તૈયાર કરાયા નથી તથા સરકાર દ્વારા તેને લાયસન્સ અપાયું નથી. જેનાથી તેનું વેચાણ ગેરકાયદે છે.

Current Affairs By H.Shingala

**(*) DRDOની SMART મિસાઈલનું સફળ પરીક્ષણ.**

[I] DRDO એ લાંબા અંતરની SMART (સુપર સોનિક મિસાઈલ આસિસ્ટેડ રિલીઝ ઓફ ટોરપીડો)નું સફળ ઉડાન પરીક્ષણ કર્યું. જેનો મુખ્ય ઉદ્દેશ્ય નૌસેનાની સબમરીન રોધી યુદ્ધ ક્ષમતા વધારવાનો છે.

[II] આ મિસાઈલમાં Two stage ફાયર સિસ્ટમ, ઈલેક્ટ્રો-મિકેનિકલ એક્યુએટર સિસ્ટમ તથા સટીક જડત્વીય નેવીગેશન સિસ્ટમ સ્થિત છે.

[III] મિસાઈલની ખાસિયત:

(A) અંતર - 643km

(B) પેલોડ ક્ષમતા - 50kg

(C) વ્હીલ્ડ મોબાઈલ લોન્ચરથી લોન્ચ કરવામાં આવ્યું.

(*) સુપ્રીમ કોર્ટે રાજસ્થાનને અરવલ્લી પર્વતમાળામાં અવૈધ ખનન રોકવા આદેશ આપ્યા.

[I] ન્યાયમૂર્તિ એ એસ ઓકાની વિશેષ પીઠનું નેતૃત્વ કરી રહેલા ન્યાયમૂર્તિ B. R. ગવઈએ આ આદેશ આપવા સૂચન કર્યું હતું.

[II] અદાલતે અવૈધ ખનન રોકવા માટે રાજ્ય દ્વારા લેવાયેલા પગલાંની જાણકારી દેવા માટે એક સપ્તાહનો સમય આપ્યો છે.

[III] 2018માં ભારતીય વન સર્વેક્ષણના રિપોર્ટ અનુસાર ગેરકાયદે ખનનથી 31 પહાડીઓ ગાયબ થઈ ગઈ. તપાસ અનુસાર રાજસ્થાન અને હરિયાણામાં અરવલ્લીના 3000થી અધિક સ્થળ પર ગેરકાયદે ખનન જોવા મળ્યું.

[IV] અરવલ્લી એક માત્ર ભૌગોલિક વિશેષતા છે જે ગંગાના મેદાની પ્રદેશમાં શુષ્ક હવાને અટકાવે છે.

- અરવલ્લીનું સૌથી ઊંચું શિખર - ગુરુ શિખર •

(*) NPCI ઈન્ટરનેશનલ પેમેન્ટ્સ લિમિટેડ (NIPL) અને બેંક ઓફ નામીબિયા એ એક સમજૂતી હસ્તાક્ષર કર્યા.

[I] સમજૂતી અંતર્ગત NIPL નામિબિયા માટે UPI જેવી તત્કાલ ભુગતાન સિસ્ટમ વિકસિત કરશે.

[II] સમજૂતીનો ઉદ્દેશ્ય નામીબિયામાં ડિજિટલ વિત્તીય સેવાઓ વધારવાનો અને વાસ્તવિક સમયમાં વ્યક્તિ થી વ્યક્તિ (P2P) લેનદેનમાં સુધારો લાવવાનો છે.

[III] બેંક ઓફ નામીબિયાના ગવર્નર જોહાન્સ ગવાક્સબના નિવેદન અનુસાર તેમનો ઉદ્દેશ્ય 2025 સુધી ભુગતાન ઉપકરણોની પૂર્ણ આંતરસંચાલનીયતા મેળવવાનો છે.

[IV] NPCI ઈન્ટરનેશનલ પેમેન્ટ્સ લિમિટેડ (NIPL) એ NPCI-ની આંતરરાષ્ટ્રીય શાખા છે.

Current Affairs By C.H.Shingala

# ✻ 6 મે - 2024 ✻

## ✻ વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ - 3 મે.

I) નિષ્પક્ષ પત્રકારિતાના મૂલ્યો ને જાળવી રાખવામાં આવિયા કર્મીઓના યોગદાનને માન્યતા આપવા માટે આ દિવસ મનાવાય છે.

II) આ દિવસનો ઉદ્દેશ્ય પ્રેસની સ્વતંત્રતા બાબતને જાગૃત કરવાનો છે. જે માનવ અધિકારોની સાર્વભોમ ઘોષણા 1948 ના અનુચ્છેદ 19 અંતર્ગત અભિવ્યક્તિની સ્વતંત્રતાના અધિકારનો પણ હિસ્સો છે.

III) UNESCO અને ચિલી સહયોગોમાં 2થી4 મે, 2024 સુધી કામાં વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ સંમેલનની મેજબાની કરી રહ્યું છે. આ સંમેલનનો વિષય- 'અ પ્રેસ ફોર ધ પ્લેનેટ: જર્નાલિઝમ ઈન ધ ફેસ ઓફ ધ એન્વાયર્નમેન્ટલ ક્રાઈસિસ' છે.

IV) આ દિવસ વિંડહોક ઘોષણાની વર્ષગાંઠનું પણ પ્રતીક છે.

↓

- મુક્ત, સ્વતંત્ર અને બહુલવાદી પ્રેસના વિકાસ માટે 1991 માં આફ્રિકન અખબારના પત્રકારો દ્વારા પ્રેસ સ્વતંત્રતાના સિદ્ધાંતોનું આપેલું નિવેદન છે.

Current Affairs By C.H.Shingala
Crack GPSC





## [*] વિશ્વ હાસ્ય દિવસ - 5 મે

[I] વિશ્વ હાસ્ય દિવસ દર વર્ષે મે માસના પ્રથમ રવિવારે મનાવાય છે. જે પ્રથમવાર 1998માં 10 મે એ મનાવાયો હતો.

[II] આ દિવસની શરૂઆત 1998માં વિશ્વવ્યાપી હાસ્ય યોગ આંદોલનના સંસ્થાપક ડૉ. મદન કટારિયાએ કરી હતી.

[III] આ દિવસ હાસ્ય અને તેનાથી થતાં લાભો બાબતે જાગૃતતા લાવવા માટે મનાવાય છે.

[IV] હસવાથી મસ્તિષ્કમાં કોર્ટિસોલનું સ્તર ઘટે છે જેનો શરીર પર સકારાત્મક પ્રભાવ પડે છે.

## [*] પૃથ્વીના ચુંબકીય ક્ષેત્રના સૌથી જૂના પ્રમાણવાળી પ્રાચીન ચટ્ટાન ગ્રીનલેન્ડમાં મળી આવી.

[I] MIT અને ઓક્સફર્ડ યુનિ.ના વૈજ્ઞાનિકોએ આ શોધ કરી છે. શોધ અનુસાર આ ચટ્ટાનની ઉંમર લગભગ 3.7 અરબ વર્ષ છે. અને તેના ચુંબકીય ક્ષેત્રની ન્યૂનતમ શક્તિ 15 માઈક્રોટેસ્લા છે.

[II] આ ચુંબકીય ક્ષેત્ર પૃથ્વી પરના ચુંબકીય ક્ષેત્રથી ઓછામાં ઓછું 3.5 અરબ વર્ષ જૂનું છે. અને આ ક્ષેત્રનો જીવનકાળ 200 મિલિયન વર્ષ વધારી શકાય તેમ છે.

[III] પ્રારંભિક સમયમાં આ ચુંબકીય એટલું શક્તિશાળી હતું કે તે સૌર વિકિરણોને પૃથ્વી સુધી પહોંચતા અટકાવતું હતું.

[IV] સંશોધક ટીમે પ. દ. ગ્રીનલેન્ડના ઈસુઆ સુપ્રાક્રસ્ટલ બેલ્ટમાં ચટ્ટાનના નમૂનાઓ લીધા છે.

⊙ હાલ પૃથ્વીનું ચુંબકીય ક્ષેત્ર - લગભગ 30 માઈક્રોટેસ્લા છે.

Current Affairs By C.H.Shingala GPSC

**[*] પોલ ઓસ્ટરનું 77 વર્ષની વયે નિધન**

[I] અમેરિકી લેખક અને ફિલ્મ નિર્માતા પોલનું ફેફસાંના કેંસરના કારણે નિધન થયું.

[II] ન્યૂયોર્ક ટ્રિલોજી પોલ ઓસ્ટરનો ઉપન્યાસ શ્રેણી છે. તથા તેમણે 30થી વધુ પુસ્તકો લખ્યા છે અને બુકર પ્રાઈસ માટે શોર્ટલિસ્ટ કરાયા હતા.

[III] ધ ઈન્વેંશન ઓફ સોલિટ્યૂડ (એકાંત) તેમનું પ્રથમ સંસ્કરણ છે. જે તેમના પિતાના મૃત્યુ સાથે સંબંધિત છે.

[IV] બોમગાર્ટનર તેમનો અંતિમ ઉપન્યાસ છે.

**[*] વન અધિકારિઓના અધ્યયન મુજબ જંગલોમાંથી વિદેશી વૃક્ષો/છોડની પ્રજાતિને હટાવવાથી જંગલી જાનવરો માટે ભોજન સુનિશ્ચિત કરી શકાશે.**

[I] કેરળ રાજ્ય વન સંરક્ષણ કર્મચારી સંગઠનના એક અધ્યયન અનુસાર વન ક્ષેત્રમાંથી વિદેશી છોડની પ્રજાતિ હટાવવાથી મુન્નારના ચિન્નાક્કનાલમાં જંગલી હાથીઓ માટે ભોજન સુનિશ્ચિત કરી શકાશે.

[II] હાલમાં ડે. રેન્જર્સ, વોચર્સ અને એક સુરક્ષા વોચર્સ ટીમ સહિત ગ્રાઉન્ડ ફોરેસ્ટ ટીમના એક સમૂહે આ વિસ્તારની મુલાકાત લીધી હતી.

[III] KSFPSO ના જિલ્લા સચિવ સંતોષ PG અનુસાર જંગલમાંથી બાબૂલ મર્નસી અને નીલગિરી જેવી વિદેશી પ્રજાતિઓ હટાવવાની જરૂરિયાત છે. જંગલના જે વિસ્તારમાં આ વૃક્ષો છે ત્યાં અન્ય કોઈ વૃક્ષો કે છોડ ઉગતા નથી. તથા અહીંથી પ્રાણીઓ અવરજવર થઈ શકતા નથી.

[IV] કેરળના આ વિસ્તારમાં 4000 હેક્ટર વનભૂમિમાં વિદેશી પ્રજાતિના વૃક્ષો જોવા મળે છે.

Current Affairs By C.I.Shingala

# [*] 7 મે - ૨૦24 [*]

**[*] FSSAI એ સમગ્ર ભારતમાં મસાલા બ્રાન્ડોની અનિવાર્ય તપાસના આદેશો આપ્યા.**

[I] FSSAI ના આદેશ અનુસાર તમામ બ્રાન્ડના મસાલાઓનું વ્યાપક પરીક્ષણ કરવામાં આવશે.

[II] આ પરીક્ષણથી રાજ્ય સરકારોને ગુણવત્તાની ગેરંટી માટે મસાલા પરીક્ષણનો નિર્દેશ પણ આપી શકશે.

[III] આ નિર્ણય સિંગાપુર અને હોંગકોંગ દ્વારા MDH અને એવરેસ્ટના અમુક મસાલાઓનું વેચાણ અટકાવ્યા બાદ લેવામાં આવ્યો છે. જેના માટે ઈથિલીન ઓક્સાઈડ (TTO) નું વધેલું સ્તર કારણભૂત છે.

[IV] એથિલીન ઓક્સાઈડ એક કીટનાશક છે જે માનવ ઉપયોગ માટે યોગ્ય નથી અને લાંબા સમયે કેન્સરનું જોખમ આપે છે.

[V] FSSAI અન્ય ખાદ્ય ઉત્પાદનો જેવા કે ફોર્ટિફાઈડ ચોખા અને ડેરી ઉત્પાદનો પર પણ નજર રાખશે. અને તેમનુ ETO પરીક્ષણ અનિવાર્ય બનાવશે.

**(*) ભારતના પ્રથમ સંવિધાન પાર્કનું ઉદ્ઘાટન પુણે ખાતે થયું.**

[I] ભારતીય સેના અને પુનિત બાલન સમૂહના સંયુક્ત ઉપક્રમે આ પાર્ક વિકસિત કરાયું.

[II] પાર્કનું ઉદ્ઘાટન દક્ષિણી કમાનના જીઓસી-ઈન-સી લે. જ. અજયકુમાર સિંહ કર્યું.

[III] આ પાર્ક સંવિધાનના સંસ્થાપક નેતાઓને એક શ્રદ્ધાંજલિ છે અને આ પાર્ક ભારતીય સંવિધાનના મૂલ્યો પ્રતિ એકતા અને પ્રતિબદ્ધતાનું પ્રતીક છે.

[*] ICC પુરુષ T20 વર્લ્ડકપ 2024નું અધિકારીક એન્થમ 'આઉટ ઓફ ધીસ વર્લ્ડ' જાહેર કરાયું.

[I] ગ્રેમી પુરસ્કાર વિજેતા કલાકાર સીન પોલ અને સોકા સુપરસ્ટાર કેસે આ ગીત તૈયાર કર્યું છે.

[II] ICC T20માં 20 આંતરરાષ્ટ્રીય ટીમો 1થી 29 જૂન સુધી વેસ્ટઇન્ડીઝ અને UAEમાં 55 મેચો રમશે.

[III] માઇકલ 'ટૈનો' મોંટાનો દ્વારા નિર્મિત આ એન્થમ લોક સંગીત વાદ્યો સાથે લોન્ચ કરવામાં આવ્યું.

[IV] કાર્યક્રમમાં આઠ વારના ઓલિમ્પિક સ્વર્ણ પદક વિજેતા ઉસેન બોલ્ટ, ક્રિકેટ સ્ટાર ક્રિસ ગેલ, અલી ખાન, શિવનારાયણ ચંદ્રપોલ અને અન્ય કેરેબિયાઈ હસ્તીઓ સામેલ હતી.

[*] વિશ્વ પ્રેસ સ્વતંત્રતા સૂચકાંકમાં ભારત 180 દેશોમાં પાકિસ્તાનથી નીચે 159માં સ્થાને.

[I] એક આંતરરાષ્ટ્રીય બીનલાભકારી સંગઠન, રિપોર્ટર્સ વિધાઉટ બોર્ડર્સ દ્વારા નવીનતમ વાર્ષિક વિશ્વ પ્રેસ સ્વતંત્રતા સૂચકાંક જાહેર કર્યો.

[II] 180 દેશોની યાદીમાં ભારત 159માં સ્થાને છે જ્યારે 2023ની યાદીમાં 161માં સ્થાને છે.

[III] પાકિસ્તાન ભારતથી સાત સ્થાન ઉપર 152માં સ્થાને છે જે 2023માં 150માં સ્થાને હતું.

[IV] વિશ્વ પ્રેસ સ્વતંત્રતા સૂચકાંક રાજનીતિક સંકેતો, આર્થિક સંકેતો, વિધાયી સંકેતો, સામાજિક સંકેતો, સુરક્ષા સંકેતો સહિત પાંચ સંકેતો પર આધારિત છે.

સરકારી નોકરીની તૈયારી માટે
ફ્રી
FEE ની ચિંતા છોડો, FREE તૈયારી કરો.
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
• અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો. 76000 51070

## ✱ 8 મે - 2024 ✱

**✱ સુપ્રીમ કોર્ટે બાર એસોસિએશન કમિટીમાં મહિલાઓ માટે 33% અનામત કર્યું.**

I. નવા નિયમો અનુસાર કાર્યકારી સમિતિમાં 9માંથી ઓછામાં ઓછા 3 અને વરિષ્ઠ કાર્યકારી સદસ્યમાં 6માંથી 2 પદ મહિલાઓ માટે આરક્ષિત કરવામાં આવ્યા.

II. જસ્ટિસ સૂર્યકાંત અને કેવી વિશ્વનાથનની બેંચે મહિલા વકીલોના આરક્ષણનો આ આદેશ જાહેર કર્યો.

III. SC ના અનુસાર પદાધિકારીનું પદ ક્રમ સેક્રમ એક વાર વારા ફરતી અથવા રોટેશન આધારિત મહિલાઓ માટે આરક્ષિત કરાશે.

**✱ માઈક્રોન દ્વારા પ્રથમ ભારત-નિર્મિત ચિપ્સ 2025ની શરૂઆતમાં વૈશ્વિક બજારોમાં મુકાશે.**

I. ભારત નિર્મિત પ્રથમ સેમિકન્ડક્ટર ચિપ્સ ગુજરાતના સાણંદ ખાતેના માઈક્રોન ટેકનોલોજીના પેકેજિંગ પ્લાન્ટમાં તૈયાર થશે.

II. ચિપ્સનો ઉપયોગ ડેટા સેન્ટર, સ્માર્ટફોન, નોટબુક અને ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (IoT) ઉપકરણો માટે કરવામાં આવશે.

III. માઈક્રોન વિકાસશીલ ઉદ્યોગોમાં નવી વ્યાવસાયિક સંભાવનાઓ પર પણ નજર રાખી રહી છે. જેમાં ભારતીય બજાર માટે વિશેષ સરકારી, ઈલેક્ટ્રિક દ્વિચક્રી વાહનો સામેલ છે.

IV. સેમિકન્ડક્ટર વિનિર્માણ અને એસેમ્બલી માટે સરકારે 10 અરબ ડોલરની નાણાકીય પ્રોત્સાહન યોજના અંતર્ગત, માઈક્રોન ભારતમાં એક એસેમ્બલી, પરીક્ષણ, નિગરાની અને પેકેજિંગ સંયંત્ર સ્થાપિત કરી રહ્યું છે.

Current Affairs By C.H.Shingala GPSC

**[*] પૂર્ણિમા દેવી વર્મનને 'ગ્રીન ઓસ્કર' વ્હિટલી ગોલ્ડ એવોર્ડ 2024**

[I] આસામની વન્યજીવ જીવવિજ્ઞાની પૂર્ણિમા દેવીને લુપ્તપ્રાય ગ્રેટર એડજુટેન્ટ સ્ટોર્ક અને તેના આર્દ્રભૂમિ આવાસના સંરક્ષણ પ્રયાસો માટે આ પુરસ્કાર અપાયો. સ્ટોર્કને સ્થાનીય રૂપથી આસામિયામાં 'હરગિલા' કહેવામાં આવે છે.

[II] તેઓ ભારત અને કંબોડિયામાં સ્ટોર્ક રેન્જમાં કામ કરી 2030 સુધીમાં વૈશ્વિક આબાદી બેગુના કરી 5000 સુધી પહોંચાડવા માંગે છે.

⊙ વ્હિટલી ગોલ્ડ એવોર્ડ ⊙

→ તે વ્હિટલી ફંડ ફોર નેચર દ્વારા આપવામાં આવે છે.
→ દુનિયા ભરના જમીની સ્તરના સંરક્ષણ નેતાઓના સમર્થન માટે આપવામાં આવે છે.
→ આ પુરસ્કાર લંડનમાં રોયલ જ્યોગ્રાફિકલ સોસાયટી પુરસ્કાર સમારંભમાં આપવામાં આવે છે. જેને 'ગ્રીન ઓસ્કાર' ના નામથી ઓળખવામાં આવે છે.

Current Affairs By C.H.Shingala GGPSC

**[*] હિંદૂ વિવાહ અધિનિયમ હેઠળ, SC એ ચુકાદો આપ્યો કે હિંદૂ વિવાહ 'કાયદેસર વિધિના અભાવ' માં નોંધણી ન થઈ શકે.**

[I] SC અનુસાર હિંદૂ વિવાહ ન તો દારૂ પીવા, ખાણીપીણી કે ગીત અને નૃત્યનો અવસર છે. બલ્કે એક 'સંસ્કાર' છે.

[II] હાલમાં કાયદેસર હિંદૂ વિવાહ સમારોહ વિના થયેલા લગ્નના છૂટાછેડા કેસની સુનાવણી દરમિયાન આ બાબતોને ઉલ્લેખી. ચુકાદા અનુસાર જો હિંદૂ વિવાહમાં 'સપ્તપદી'ના સંસ્કારોની વિધિ કરવામાં નથી આવી તો તે કાયદેસર માનવામાં આવશે નહિ.

[III] અદાલત અનુસાર કોઈ સંસ્થા દ્વારા આવશ્યક વિધિ વિના માત્ર પ્રમાણપત્ર આપી દેવાથી વૈવાહિક સ્થિતિની પુષ્ટિ થઈ શકશે નહિ.

[IV] બંધારણના અનુ. 142 હેઠળના SC ના અધિકાર મુજબ છૂટાછેડા કેસમાં વિધિથી લગ્ન ન થયા ઉપરોક્ત લગ્ન/છૂટાછેડાનો કેસ રદ કર્યો.

*** ભારતનું પ્રથમ ખગોળ પર્યટન અભિયાન, 'નક્ષત્ર સભા' ઉત્તરાખંડ પર્યટન દ્વારા શરૂ કરાયું.**

I) નક્ષત્ર સભા શરૂ કરવા માટે ઉત્તરાખંડ પર્યટન વિકાસ બોર્ડ અને એસ્ટ્રો-ટૂરિઝમ કંપની સ્ટારસ્કેપ્સ વચ્ચે ભાગીદારી કરવામાં આવી છે. અહીં વ્યાપક ખગોળ-પર્યટન અનુભવ માટે એક ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે.

II) આ પહેલનો ઉદ્દેશ્ય તારા અવલોકન, સૌર અવલોકન, એસ્ટ્રો-ફોટોગ્રાફી પ્રતિયોગિતા જેવી બાબતોને સામેલ કરવાનો છે.

III) કાર્યક્રમથી ખગોળ વિજ્ઞાન પ્રતિ ઉત્સાહી, સાહસી લોકો અને યાત્રિઓને ઉત્તરાખંડની પ્રાકૃતિક સુંદરતાના આનંદ સાથે બ્રહ્માંડના ચમત્કારો જોવાનો લાભ મળશે.

IV) નક્ષત્ર સભા જૂનની શરૂઆતમાં મસૂરીમાં જ્યોર્જ એવરેસ્ટમાં શરૂ થશે અને 2025 ના મધ્ય સુધી શરૂ રહેશે. જેમાં ઉત્તરાખંડના વિવિધ સ્થાનો પર કાર્યક્રમોની શૃંખલાનું આયોજન થશે.

*** ફ્લાઈંગ વેજ ડિફેન્સે FWD-200B માનવરહિત વિમાનનું અનાવરણ કર્યું.**

I) ફ્લાઈંગ વેજ ડિફેન્સ એક રક્ષા અને એરોસ્પેસ ટેકનોલોજી ફર્મ છે.

II) કંપની અનુસાર, ભારતનું પ્રથમ સ્વદેશી બોમ્બવર્ષા કરી શકતું માનવ રહિત વિમાન છે. જેની કિંમત માત્ર ₹25 કરોડ છે. અને તેની પેલોડ ક્ષમતા 100kg છે. તથા સ્થિરતા ક્ષમતા 12-20 કલાક છે. તથા મહત્તમ ગતિ- 370km/કલાક છે.

III) તે 200 km ની ગ્રાઉન્ડ કન્ટ્રોલ સ્ટેશન (GCS) રેન્જ ધરાવે છે.

Current Affairs By C.H.Shingala

સરકારી નોકરીની તૈયારી માટે
FEE ની ચિંતા છોડો,
FREE તૈયારી કરો.
Crack GPSC
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
• અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.

(*) ૧ મે - ૨૦૨૪ (*)

**(*) મહારાષ્ટ્ર સરકાર આબાદી બચાવવા વાઘોને સહ્યાદ્રી રિઝર્વમાં સ્થળાંતરિત કરશે.**

[I] મહારાષ્ટ્ર વન વિભાગે ચંદ્રપુરમાં તાડોબા-અંધારી ટાઈગર રિઝર્વથી અમુક વાઘને સહ્યાદ્રી ટાઈગર રિઝર્વમાં સ્થળાંતરીત કરવાનો નિર્ણય કર્યો.

[II] સહ્યાદ્રી ટાઈગર રિઝર્વ શૂન્ય વાઘ ધરાવતા પાંચ વાઘ અભયારણ્ય-માંથી એક છે. તેલંગાણામાં કવલ, અરૂણાચલમાં કમલાંગ, મિઝોરમમાં ડંપા અને ઓડિશામાં સતકોસિયા શૂન્ય વાઘ વાળા વાઘ અભયારણ્ય છે.

[III] વાઘ સ્થળાંતરણનો મુખ્ય ઉદ્દેશ્ય ઉત્તરી પશ્ચિમી ઘાટના જંગલોમાં વાઘની આબાદી વધારવાનો છે.

**(*) ISRO એ તેના સેમી-ક્રાયોજેનિક એન્જિનના વિકાસમાં એક મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મેળવી.**

Current Affairs By C.J. Shingala

[I] ISRO એ તેના અર્ધ-ક્રાયોજેનિક પ્રપલ્શન સિસ્ટમના વિકાસ માટે પ્રી બર્નર ઈગ્નિશનનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું.

[II] પ્રી-બર્નર ઈગ્નિશન ટેસ્ટ આર્ટિકલ સેમી-ક્રાયોજેનિક એન્જિનના પાવરહેડ સિસ્ટમનું સમર્થન કરે છે. એન્જિનની શરૂઆત માટે પ્રી-બર્નરનું સરળ અને સતત પ્રજ્જવલન મહત્વપૂર્ણ છે.

[III] આ પરીક્ષણ તમિલનાડુમાં મહેન્દ્રગિરિમાં ઈસરો પ્રોપલ્શન કોમ્પ્લેક્ષ ખાતે કરવામાં આવ્યું.

⊙ <u>સેમી-ક્રાયોજેનિક એન્જિન શું છે?</u> ⊙

→ લિક્વિડ ઓક્સિજન અને કેરોસીનના સંયોજન પર કામ કરે છે.

→ મુખ્ય ઉદ્દેશ્ય પ્રક્ષેપણ યાન MK-III અને ભવિષ્યના અન્ય યાનોની પેલોડ ક્ષમતા વધારવાનો છે.

→ ક્રાયોજેનિક એન્જિન, ક્રાયોજેનિક ઈંધણ અને ઓક્સિડાઈઝરનો ઉપયોગ કરે છે.

[*] માઈન્ડગ્રોવ ટેકનોલોજીસે પ્રથમ સ્વદેશી ડિઝાઈનની માઈક્રોકંટ્રોલર ચીપ લોન્ચ કરી.

[I] IIT-મદ્રાસ-ઈન્ક્યુબેટેડ સ્ટાર્ટઅપ માઈન્ડગ્રોવ ટેકનોલોજીએ બનાવેલ ચીપને 'સિક્યોર IoT' નામ આપ્યું.

[II] ભારતીય ડિઝાઈનની આ ચીપથી સ્માર્ટ ઈલેક્ટ્રોનિક ઉપકરણોને મદદરૂપ થશે. અને અન્યની સાપેક્ષે કિંમતમાં 30% નો ઘટાડો થશે.

[III] કંપનીને તાઈવાન તરફથી પ્રથમ સિસ્ટમ-ઓન-ચિપનું શિપમેન્ટ મળ્યું છે. સિસ્ટમ-ઓન-ચિપનો ઉપયોગ પ્રિંટેડ સર્કિટ બોર્ડમાં થાય છે.

[*] ટાઈટેનિક અભિનેતા બર્નાર્ડ હિલનું 79 વર્ષે નિધન

[I] અંગ્રેજી અભિનેતાને 'ધ લોર્ડ ઓફ ધ રિંગ્સ ટ્રાઈલોજી' અને 'ટાઈટેનિક'માં તેમના અભિનય માટે ઓળખવામાં આવે છે.

[II] 'ધ લોર્ડ ઓફ ધ રિંગ્સ'માં હિલના કિંગ થિયોડેનના કિરદારે દુનિયાભરના દર્શકોમાં ઊંડી છાપ પાડી છે.

[III] જેમ્સ કેમરૂનની ઓસ્કાર વિજેતા ફિલ્મ ટાઈટેનિકમાં તેમણે કેપ્ટન એડવર્ડ સ્મિથની ભૂમિકા ભજવી હતી.

[*] કરીના કપૂર UNICEFના નેશનલ બ્રાંડ એમ્બેસેડર

[I] 2014થી કરીના કપૂર UNICEF સાથે જોડાયને બાળકોના શિક્ષણ, લૈંગિક સમાનતા, બુનિયાદી શિક્ષણ, રસીકરણ, સ્તનપાન જેવા મુદ્દાઓ પર કામ કરે છે. એમ્બેસેડર તરીકે તેઓ બાળકના વિકાસ, શિક્ષણ અને સમાનતાના અધિકારને સમર્થન કરશે.

[II] તેઓ #EveryChildRights પર વૈશ્વિક અભિયાન ચલાવશે.

# [*] 10 મે - 2024 [*]

## [*] નેપાળે ભારતીય ક્ષેત્રોને દર્શાવતા 100 રૂની નોટ અપડેટ કરી.

[I] હાલમાં નેપાળે 100 રૂ.ની નોટમાં ભારતીય ક્ષેત્ર લિપુલેખ, લિમ્પિયાધુરા, કાલાપાની સામેલ કર્યા જેનો ભારતે વિરોધ નોંધાવ્યો.

[II] નેપાળના pm પુષ્પકમલ દહલ પ્રચંડની અધ્યક્ષતામાં થયેલ બેઠકમાં મંત્રિપરિષદે વિવાદિત ક્ષેત્રોને સામેલ કરવાનો નિર્ણય કર્યો હતો. આ નિર્ણય નેપાળ રાષ્ટ્ર બેંકના 100 રૂ.ના બેંક નોટ પર માનચિત્રને અપડેટ કરવાના પ્રસ્તાવ બાદ લેવાયા.

[III] નવે. 2019માં ભારતના નકશામાં લિપુલેખ, કાલાપાની અને લિંપિયાધુરા સામેલ કરવામાં આવ્યા હતા.

[IV] મે 2020માં ભારત અને નેપાળ વચ્ચેના તણાવના કારણે નેપાળે એક રાજનૈતિક નકશામાં આ ક્ષેત્રો પોતાના દર્શાવ્યા હતા.

## [*] નવી શોધાયેલી ટાર્ડિગ્રેડ પ્રજાતિને ચંદ્રયાન-3 નું નામ અપાયું.

[I] તમિલનાડુના તટ પર 'જલભાલૂ' તરીકે પ્રખ્યાત ટાર્ડિગ્રેડ પ્રજાતિને 'બૈટિલિપ્સ ચંદ્રાયણી' નામ આપ્યુ.

[II] આ ત્રીજી સમુદ્રી પ્રજાતિ છે જે વૈજ્ઞાનિક રૂપથી ભારતીય જળમાં પૂર્વ તટે શોધવામાં આવી.

[III] આ પ્રજાતિ મહાસાગરોમાં જોવા મળે છે અને તમામ જ્ઞાત ટાર્ડિગ્રેડ પ્રજાતિઓમાં 17% હિસ્સેદારી છે.

[IV] નાનું શરીર, કઠોર રચના અને જીવિત રહેવા માટેની અતિવિકટ લાક્ષણિક્તા માટે પ્રખ્યાત છે. લંબાઈ 0.15 mm, પહોળાઈ 0.04 mm.

Current Affairs By C.H.Shingala

## [*] વિશ્વ થેલેસેમિયા દિવસ- 8 મે

[I] થેલેસેમિયા બાબતે જાગૃતતા લાવવા અને બીમારીથી પિડાતા લોકોને માનસિક પ્રોત્સાહિત કરવા આ દિવસ મનાવાય છે.

[II] 1994માં વિશ્વ થેલેસેમિયા દિવસની સ્થાપના થેલેસેમિયા ઈન્ટરનેશનલ ફેડરેશન દ્વારા કરવામાં આવી હતી.

[III] થેલેસેમિયા એક આનુવંશિક બીમારી છે જે માતા-પિતાથી તેમના સંતાનોમાં ફેલાય છે. તેના લક્ષણ બાળકના જન્મ બાદ 3-4 મહીને દેખાય છે.

[IV] થેલેસેમિયા પીડિત વ્યક્તિમાં હીમોગ્લોબિન સામાન્યથી ઓછું થઈ જાય છે જેનો કારણે એનિમિયા થઈ શકે છે.

[V] સામાન્ય રીતે લાલ રક્તકણોનો જીવનકાળ 120 દિવસ હોય છે પરંતુ રોગના કારણે માત્ર 20 દિવસ થઈ જાય છે.

[VI] વર્ષ 2024ની થીમ - જીવનને સશક્ત બનાવવું, પ્રગતિને અપનાવવી: તમામ માટે સમાન અને સુલભ થેલેસેમિયા ઉપચાર'.

## [*] કચ્છના અજરખને GI Tag અપાયો

[I] કચ્છના અજરખના પારંપરિક કારીગરોને પેટન્ટ, ડિઝાઈન અને ટ્રેડમાર્ક મહાનિયંત્રક કાર્યાલય દ્વારા GI Tag પ્રમાણપત્ર અપાયું જે ભારતની સમૃદ્ધ કપડા વિરાસતને સંરક્ષિત કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

[II] અજરખ એ પારંપારિક કાપડ કૌશલ્ય છે. જે સિંધ, બાડમેર અને કચ્છમાં વિશેષરૂપથી પ્રખ્યાત છે.

[III] અજરખ કલામાં સૂતરાઉ કાપડ પર બ્લોક પ્રિન્ટની મદદથી ડિઝાઈન તૈયાર થાય છે. જેમાં વિવિધ પ્રકૃતિ અને ઐતિહાસિક બાબતોનું ચિત્રણ જોવા મળે છે.

Current Affairs By C.H.Shingala GPSC

## [*] 11 મે 2024 [*]

**[*] રસાયણ અને ખાતર મંત્રાલયના ફાર્માસ્યુટિકલ્સ વિભાગે મેડિટેક સ્ટેકથોન 2024 લોન્ચ કર્યું.**

[I] આ આયોજન ભારતીય ઉદ્યોગ પરિસંઘના સહયોગથી નવી દિલ્હી ખાતે થયું. જેનો લક્ષ્ય ચિકિત્સા ઉત્પાદનોની મૂલ્ય શૃંખલાને સાવધાનીપૂર્વક તપાસ કરી ભારતમાં મેડટેક ઉદ્યોગ વધારવાનો છે.

[II] સ્ટેકથોનમાં ક્રિટિકલ કેર, ઈમેજિંગ અને કેંસર થેરેપી સહિતના વિષયો સામેલ છે. કાર્યક્રમનો મૂળ ઉદ્દેશ્ય ઘરેલૂ ઉત્પાદનને પ્રોત્સાહિત કરવાનો, આયાત પર નિર્ભરતા ઘટાડવાનો અને ભારતને ચિકિત્સા ક્ષેત્રે વિશ્વ લિડર તરીકે સ્થાપિત કરવાનો છે.

[III] આ કાર્યક્રમથી મેડટેક ક્ષેત્રમાં ભારતની વિશાળ ક્ષમતાનું પ્રદર્શન જોવા મળશે તથા પ્રતિવર્ષ 28% સુધીનો વિકાસ દર અનુમાન લગાવાઈ રહ્યો છે.

[IV] 2030 સુધીમાં ભારતીય મેડટેક બજાર 50 બિલિયન ડોલર સુધી થવાનું અનુમાન છે. વર્તમાનમાં ભારત ચિકિત્સા ઉપકરણો માટે TOP 20 વૈશ્વિક બજારોમાં એક છે અને એશિયામાં ચોથા સ્થાને છે

**[*] રશિયન સેના સામરિક પરમાણુ હથિયાર અભ્યાસ કરશે.**

[I] પાંચમાં કાર્યકાળ માટે પુતિને રાષ્ટ્રપતિ પદના શપથ ગ્રહણ કર્યા બાદ સેનાને આ અભ્યાસ માટે આદેશ આપ્યા.

[II] યુક્રેન પરના હુમલા બાદ રશિયાએ પ્રથમવાર આ આદેશ આપ્યા.

[III] સામરિક પરમાણુ હથિયારમાં હવાઈ બોમ્બ, ઓછા અંતરની મિસાઈલ, તોપ જેવાં હથિયારો સામેલ હોય છે.

[IV] આ નિર્ણય પશ્ચિમી અધિકારીઓના ભડકાઉ ભાષણ અને ધમકી બાદ લેવામાં આવ્યો છે. જેનો ઉદ્દેશ્ય રશિયાની ક્ષેત્રીય અખંડતા અને સંપ્રભુતા સુનિશ્ચિત કરવાનો છે.

Current Affairs By C.H. Shingala
GPSC

## ✱ ગ્રાહક બાબતના વિભાગે ડ્રિપ પ્રાઈસિંગ વિરુદ્ધ ચેતવણી આપી.

**• ડ્રિપ પ્રાઈસિંગ •**

→ કોઈ વસ્તુની એવી કિંમત કે જે માત્ર શરૂઆતનો અમુક ભાગ જ દર્શાવે. અને સંપૂર્ણ રકમ ખરીદીના અંતે જોવા મળે.

→ આ વધારાના ખર્ચમાં સ્થાનિક કર કે બુકીંગ ચાર્જ સામેલ હોય છે.

→ ડ્રિપ પ્રાઈસિંગ એટલે એવી તકનીક જેમાં ગ્રાહક દ્વારા ખરીદ પ્રક્રિયામાં સામેલ થયા બાદ કોઈ વસ્તુની કિંમત કંપની દ્વારા વધારવામાં આવે.

I. કેન્દ્ર સરકારના ગ્રાહક વિભાગે આ પ્રકારની ખરીદીનો એક નમૂનો પણ જાહેર કર્યો છે જે ડ્રિપ મૂલ્યો જોડેલ હોય.

II. રાષ્ટ્રીય ઉપભોક્તા હેલ્પલાઈને આ પ્રકારની કોઈ પણ સ્થિતિમાં ગ્રાહકને સંપર્ક કરવાનો અનુરોધ કર્યો છે.

## ✱ વૈજ્ઞાનિકોએ ઓલ-ઈન-વન વેક્સિન તૈયાર કરી.

I. આ રસી અલગ અલગ કોરોના વાયરસ સામે રક્ષણ આપે છે અને 8 અલગ-અલગ કોરોના વાયરસના વિશિષ્ટ ક્ષેત્રોની ઓળખ આપે છે.

II. આ કોરોનાવાયરસમાં SARS-COV-2 સામેલ છે તથા અન્ય વાયરસ જે ચામાચિડિયામાંથી ફેલાય છે તે પણ સામેલ છે.

III. નવી રસી નેનોકણો પર આધારિત છે જેમાં એક નવું પ્રોટીન 'સુપરગ્લૂ' નો ઉપયોગ કરી વિવિધ વાયરસ એન્ટીજનની શ્રેણીમાં તૈયાર કરવામાં આવી છે.

Current Affairs By C.H Siningala

કરન્ટ અફેર્સ

Crack GPSC

Daily કરન્ટ અફેર્સ PDF આપને ટેલિગ્રામ ચેનલમાં મળશે.

/CrackGPSCapp

## ✱ 12 મે 2024 ✱

### ✱ NHAI સેલ્ફ-હીલિંગ સડકો માટે અત્યાધુનિક તકનીક તૈયાર કરી રહી છે.

[I] માર્ગ માળખામાં ક્રાંતિ લાવવા માટે ડામરના વિવિધ ઉપયોગથી આ તકનીક તૈયાર થશે જેનાથી માર્ગમાં આપમેળે સુધારો થશે.

[II] નાની-મોટી તિરાડો પૂરવા તથા પાણીનો રિસાવ રોકવા ડામરમાં સ્ટીલ ફાયબર અને એપોક્સી કેપ્સ્યૂલ ભેળવવામાં આવશે.

[III] ઈન્ડક્શન મશીનના માધ્યમથી રસ્તાઓની મરમ્મત માટે સ્ટીલ ફાયબર પર ગરમી આપવાથી તે ડામરને ઓગાળી ફરીથી ભંગાણને પૂરી દે છે.

[IV] સેલ્ફ હીલિંગ થી યાતાયાત દુર્ઘટનાઓ અને મૃત્યુ અટકાવવામાં અગત્યનો ફાળો રહેશે.

[V] હાલમાં નેધરલેન્ડમાં સેલ્ફ હીલિંગ ડામરવાળી 12 સડકોનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

Current Affairs By C.H.Shingala GPSC

### ✱ મણિપુરના રાજ્યપાલ અનસુઈયા ઉઈકેએ 'સ્કૂલ ઓન વ્હીલ્સ' પહેલ શરૂ કરી.

[I] જાતીય હિંસાથી પ્રભાવિત રાજ્યના રાહત શિબિરોમાં રહેતાં વિદ્યાર્થીઓને શિક્ષણ મળી રહે તે ઉદ્દેશ્ય આ પહેલનો છે. એક સ્કૂલ બસમાં લાયબ્રેરી, સ્માર્ટ ટીવી, કમ્પ્યૂટર અને રમતના સાધનો સાથે એક શિક્ષકને આ રાહત શિબિર સુધી પહોંચાડવામાં આવશે.

[II] વિદ્યા ભારતી શિક્ષા વિકાસ સમિતિ આ પહેલ માટે કામ કરશે. હાલ લગભગ 18,000 વિદ્યાર્થીઓ 480 રાહત શિબિરોમાં રહે છે.

[III] અનુ. જ. જાતિ (ST)ના દરજ્જા માટે મૈઈતેઈ સમુદાયના અનુરોધ પર થયેલાં વિરોધથી હજારો લોકો તેમનાં ઘરોથી વિસ્થાપિત થઈ ગયા છે.

[IV] મણિપુરની વસ્તીમાં મૈઈતેઈ લોકો 53% છે જ્યારે નાગા અને કુકી જનજાતિ 40% આસપાસ.

[*] સેતુએ BFSI ક્ષેત્ર માટે ભારતના પ્રથમ ડોમેન વિશિષ્ટ LLM (લાર્જ લેંગ્વેજ મોડલ)નું અનાવરણ કર્યું.

[I] સેસમ, ભારતનું પ્રથમ લાર્જ LLM જે વિશેષ રીતે બેંકિંગ, નાણાકીય સેવાઓ, વીમાક્ષેત્ર માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે. જેને સ્વદેશી AI રિસર્ચ ફર્મ સર્વમ AI ના સહયોગથી તૈયાર કરવામાં આવ્યું છે.

[II] સેતુનું લક્ષ્ય BFSI (Banking, Financial Services and Insurance)ના ગ્રાહકોને વિશેષ, ઝડપી ક્રેડિટ નિર્ણય લેવા માટે સક્ષમ બનાવવાનું છે.

[III] સેતુની સ્થાપના 2018માં સાહિલ કિની અને નિખિલ કુમારે કરી હતી. જે એક એપ્લિકેશન પ્રોગ્રામિંગ ઈન્ટરફેસ (API) ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરુ પાડે છે.

[IV] સેતુને ભારતીય રિઝર્વ બેંક તરફથી એકાઉન્ટ એગ્રીગેટર તરીકે કામ કરવાનું લાયસન્સ પ્રાપ્ત થયેલુ છે.

[*] હેનલે એન્ડ પાર્ટનર્સ અને ન્યૂ વર્લ્ડ હેલ્થનો દુનિયાના સૌથી અમીર શહેરોનો રેન્કિંગ રિપોર્ટ.

[I] દુનીયાના 50 સૌથી અમીર શહેરોમાં મુંબઈ - 24માં અને દિલ્લી 37માં સ્થાને રહ્યું.

[II] અન્ય રેન્કિંગની યાદી:-

1. ન્યૂયોર્ક (અમેરિકા)
2. બાકીલ્હર (અમેરિકા)
3. ટોકિયો (જાપાન)
4. સિંગાપુર (સિંગાપુર)
5. લંડન (UK)

"પ્રવાસી કરોડપતિઓ માટે સિંગાપુર દુનિયાનું ટોચનું સ્થાન છે."

Current Affairs By G.H.Shingala GPSC

**[*] જાપાનના રાજદૂતે નાગાલેન્ડમાં કોહિમા શાંતિ સ્મારકનું ઉદ્ઘાટન કર્યું.**

[I] ભારતમાં જાપાનના રાજદૂત હિરોશી સુઝુકી અને નાગાલેન્ડના મુખ્યમંત્રી નેફ્યુ રિયોએ કોહિમા શાંતિ સ્મારકનું ઉદ્ઘાટન કર્યું અને કોહિમા ઈકો પાર્કની આધારશિલા મુકી.

[II] કોહિમા શાંતિ સ્મારક અને ઈકો પાર્ક નાગાલેન્ડ સરકાર સાથે જાપાન સરકાર અને જાપાની આંતરરાષ્ટ્રીય નિગમ એજન્સી વચ્ચેનો એક સહયોગાત્મક પ્રયાસનું પ્રતિનિધિત્વ છે.

[III] જાપાનના લોકો 'કોહિમાની લડાઈ'ને 'ઈમ્ફાલની લડાઈ' સાથે દ્વિતિય વિશ્વયુદ્ધની સૌથી વિનાશક લડાઈઓ માંની એક તરીકે યાદ કરે છે.

[IV] ૨૦૨૩માં ARMS નામક એક સંગઠને કોહિમામાં જાપાની ભાષા પાઠ્યક્રમ સ્થાપિત કરવા નાગાલેન્ડ વિશ્વવિદ્યાલય સાથે સમજૂતી કરી હતી.

[V] વર્ષ ૨૦૨૪માં કોહિમા યુદ્ધની ૮૦મી વર્ષગાંઠ મનાવાય રહી છે.

## One Liner News

(A) RBI એ BOBની એપ. BOB world પરથી પ્રતિબંધ હટાવ્યો.

(B) જોસ રાઉલ મુલિનો પનામાંના નવા રાષ્ટ્રપતિ બન્યા.

(C) મૈડ્રિડ ઓપન (ટેનિસ ટૂર્નામેન્ટ) ૨૦૨૪, સ્પેનમાં ઈગા સ્વિયાટેકે મહિલા એકલનો ખિતાબ જીત્યો.

(D) RBI એ ગિફ્ટ સિટી, ગુજરાતમાં REC (વીજક્ષેત્રની સંસ્થા) લિમિટેડની સહાયક કંપની સ્થાપિત કરવાની મંજૂરી આપી.

Crack GPSC Current Affairs By C.H.Shingala

# * 13 મે 2024 *

**[*] યુરોપીય સંઘે મહિલાઓ વિરુદ્ધ હિંસાથી લડવા પ્રથમ વખત કાનૂન તૈયાર કર્યો.**

[I] 27 દેશો વાળા યુરોપીય સંઘમાં મહિલાઓને લિંગ આધારિત હિંસા, જબરદસ્તી વિવાહ, મહિલા જનનાંગ વિકૃતિ અને ઓનલાઈન ઉત્પીડનથી બચવા માટે નવા કાયદાઓ તૈયાર કર્યા.

[II] યુરોપીય સંસદે અગાઉ એપ્રિલ માસમાં જ નિયમોને મંજૂરી આપી હતી.

[III] સમગ્ર સંઘમાં આ કાયદા અનુસાર સાયબરસ્ટોકિંગ, સાયબર ઉત્પીડન અને ઘૃણા કે હિંસા માટે સાયબરનો ઉપયોગ અપરાધની શ્રેણીમાં દાખલ કર્યા છે.

[IV] કાયદામાં અપરાધ સામે એકથી પાંચ વર્ષની જેલની સજાની જોગવાઈ કરવામાં આવેલ છે.

**[*] ત્રિ-સેવા સંમેલન 'પરિવર્તન ચિંતન' નવી દિલ્લી ખાતે.**

[I] નવી દિલ્લીમાં સશસ્ત્ર દળોની સંયુક્તતા અને એકીકરણ પર બે દિવસીય સંમેલન પરિવર્તન ચિંતનની અધ્યક્ષતા ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે કરી હતી.

[II] પરિવર્તન ચિંતન તમામ ત્રિ-સેવા સંસ્થાનોના પ્રમુખ માટે એક અગ્રણી સંમેલન છે જેનો ઉદ્દેશ્ય નવીન સુધાર વિચારો અને પહેલોને ઉત્પન્ન કરવાનો છે.

[III] સંમેલનમાં CDS અને ત્રણેય સેનાના પ્રમુખો વિવિધ ક્ષેત્રમાં થયેલ પ્રગતિની સમીક્ષા કરશે.

Current Affairs By GH.Shingala GPSC

**(*) ICMR એ ભારતીયો માટે ઉન્નત 'આહાર દિશાનિર્દેશ' જાહેર કર્યા.**


(I) ભારતીયો માટે 2024ની આધુનિક ખાન-પાનની આદતોને અનુરૂપ આ દિશા નિર્દેશ જાહેર કરવામાં આવ્યા. જે હૈદરાબાદ સ્થિત રાષ્ટ્રીય પોષણ સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે.

(II) આ દિશા નિર્દેશોમાં શારીરિક રીતે સક્રિય રહેવા, નિયમિત રૂપથી વ્યાયામ કરવા, મીઠાનું સેવન તથા ખાંડનું સેવન ઘટાડવા, પેકિંગ ખાદ્ય પદાર્થોનું સેવન ઘટાડવાનું સૂચન કરવામાં આવ્યું છે. તથા તેના આધારે પેટની ચરબી અને સમગ્ર શરીરની ચરબી ઘટાડવા બાબતે નિર્દેશો કરાયા છે.

(III) દિશા નિર્દેશ અનુસાર તમામ ઉંમરના વ્યક્તિઓએ સારા સ્વાસ્થ્ય માટે ઓછામાં ઓછા 30થી 45 મિનિટની મધ્યમ તાકાતવાળી શારીરિક ગતિવિધિ કરવી જોઈએ. પ્રતિદિન ઓછામાં ઓછી 60 મિનિટ નિયમિત શારીરિક પ્રવૃત્તિ બાળકોમાં અધિક વજન અને મોટાપો રોકે છે.

(IV) દિશા નિર્દેશમાં પ્રતિદિન વધુમાં વધુ 5ગ્રામ સુધી જ નમકનો ઉપયોગ અને એ પણ આયોડિનયુક્તનું સૂચન કરવામાં આવ્યું છે.

(V) ICMRના અધ્યક્ષ ડૉ. રાજીવ બહલ અનુસાર પાછલા દશકોમાં ભારતીયોની આહાર સંબંધી આદતોમાં આવેલાં મહત્વપૂર્ણ બદલાવના કારણે બિન-ચેપી રોગોના પ્રસરણમાં વૃદ્ધિ જોવા મળી છે.




Current Affairs By C.P. Shingala

## [*] 'પિરૂલ લાઓ- પૈસે પાઓ' અભિયાન- ઉત્તરાખંડ

[I] ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ રૂદ્રપ્રયાગ જિલ્લામાં આ અભિયાનની શરૂ કરી.

[II] મુખ્યત્વે જંગલમાં લાગતી આગને રોકવાનો ઉદ્દેશ્ય આ અભિયાનમાં રહેલો છે.

[III] અભિયાન અંતર્ગત સ્થાનીક ગ્રામીણો અને યુવાઓ જંગલમાં પડેલ પિરૂલ (ચીડનાં વૃક્ષના પાંદડાં) એકત્ર કરશે. અને તેનો વજન કરી નિર્ધારિત પિરૂલ સંગ્રહણ કેન્દ્ર પર તેને એકઠાં કરાશે.




[IV] વજન અનુસાર 50 રૂ. પ્રતિ કિગ્રાના દરે રકમ જે-તે વ્યક્તિના ખાતામાં જમાં કરવામાં આવશે.

## [*] વિશ્વ કુસ્તી સંસ્થાએ બજરંગ પુનિયાને 2024 માં સસ્પેન્ડ કરવાનો નિર્ણય કર્યો

[I] UWW એ રાષ્ટ્રીય ડોપિંગ એજન્સી દ્વારા ડોપ પરીક્ષણનો ઈનકાર કરવા પર બજરંગ પુનિયાને સસ્પેન્ડ કરવાનો નિર્ણય કર્યો.

[II] પુનિયાએ કહ્યું છે કે તેમણે પરીક્ષણ માટે ક્યારેય ના કહી નથી પરંતુ માત્ર ડોપ નિયંત્રણ અધિકારીથી એક્સપાયર્ડ કીટની બાબતે સ્પષ્ટીકરણ માંગ્યું છે.

[III] હાલમાં બજરંગને મિશન ઓલિમ્પિક સેલ હેઠળ રશિયાના દાગિસ્તાનમાં પ્રશિક્ષણમાં 8,82,000 રૂ. સ્વીકૃત કરાયા છે.

[IV] ડોપિંગ રમતોમાં પ્રદર્શન વધારવા લેવામાં આવતી દવાઓ છે જેને અનૈતિક માનવામાં આવે છે.

• ડોપ ટેસ્ટ •

• તે જૈવિક નમૂનામાં સાયકોએક્ટિવ દવાઓની હાજરી તપાસે છે.

• આ દવાઓ મસ્તિષ્કને પ્રભાવિત કરે છે જે મૂડ, અજ્ઞાતતા, વિચાર, વ્યવહારમાં બદલાવ લાવે છે.

Current Affairs By C.H.Shingala GPSC

# * 14 મે 2024 *

## * રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ - 11 મે

I. 11 મે 1998એ ભારતીય સેનાએ રાજસ્થાનમાં ઐતિહાસિક પોખરણ પરમાણુ પરીક્ષણ કર્યું. આ પરીક્ષણના સન્માનમાં પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી બાજપેયીએ આ દિવસને ભારતમાં રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ તરીકે જાહેર કર્યો.

II. આ દિવસ ઉજવણીનો ઉદ્દેશ્ય ટેકનોલોજી ઉપલબ્ધિઓમાં દેશની બુદ્ધિને ઉજાગર કરવા માટેનો છે.

III. વર્ષ 2024ની થીમ :-
'સ્કૂલોથી સ્ટાર્ટઅપ સુધી: નવીનતા માટે યુવા મગજોને પ્રજ્વલિત કરવું.'




## * આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ - 12 મે

I. સ્વાસ્થ્ય દેખરેખ અને વૈશ્વિક સ્વાસ્થ્ય સુરક્ષામાં નર્સોના અથાક અને અમૂલ્ય યોગદાનને બિરદાવવા માટે આ દિવસ મનાવાય છે.

II. ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓફ નર્સિસ દ્વારા 1965થી આ દિવસ મનાવાય છે.

III. 1974માં ફ્લોરેન્સ નાઈટિંગલની જન્મજયંતિ મનાવવા માટે 12 મેનો દિવસ પસંદ કરવામાં આવી. જેઓ આધુનિક નર્સિંગના સંસ્થાપક છે.

IV. WHO અનુસાર દુનિયાને સારા સ્વાસ્થ્ય અને દેખરેખ માટે 2030 સુધીમાં 9 મિલિયન નર્સોની આવશ્યકતા રહેશે.

વર્ષ 2024ની થીમ

'આપણી નર્સો, આપણું ભવિષ્ય,
દેખરેખની આર્થિક શક્તિ!'

**(*) સંયુક્ત સૈન્ય અભ્યાસ 'શક્તિ'ની 7મી આવૃત્તિ 'ભારત અને ફ્રાંસ' વચ્ચે.**

[I] મલ્ટી-ડોમેઈન સંચાલન માટે ભારત અને ફ્રાંસની સંયુક્ત સૈન્ય ક્ષમતા વધારવાના ઉદ્દેશ્ય સાથે મેઘાલયના ઉમરોઈ ક્ષેત્રમાં આ ~~[illegible]~~ અભ્યાસ આયોજિત કરાયો.

[II] આ અભ્યાસ બંને દેશોના સશસ્ત્ર દળો વચ્ચે આંતરસંચાલનના વિકાસને સુવિધાજનક બનાવશે.

[III] આ અભ્યાસની 6ઠ્ઠી આવૃત્તિ, ઓક્સ શક્તિ 2021 માં ફ્રાંસના મિલિટ્રી સ્કૂલ ઓફ ડ્રેગુઈગ્નનમાં આયોજિત થઈ હતી.

**(*) દિલીપ સંઘાણી IFFCOના અધ્યક્ષ બન્યા.**

[I] ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર કો-ઓપરેટિવની ચૂંટણીમાં દિલીપ સંઘાણી અધ્યક્ષ ચૂંટાયા અને બલવીરસિંહ ઉપાધ્યક્ષ.

[II] IFFCOના વહિવટી સંચાલક ડો. યુ. એસ. અવસ્થીએ બોર્ડના અન્ય સભ્યોની પણ સાથે નિમણૂંકની જાહેરાત કરી.

[III] IFFCO ખાતરના નિર્માણ અને વિતરણની સંસ્થા છે. જેનું વડુંમથક નવી દિલ્લી છે. અને સ્થાપના 1967માં થઈ હતી.

**(*) ભારત અને માલ્દોવાએ રાજદ્વારી પાસપોર્ટ માટે વીઝા છૂટ પર હસ્તાક્ષર કર્યા.**

[I] આ છૂટથી બંને દેશના પાસપોર્ટધારકો વીઝા વગર એકબીજા દેશમાં પ્રવેશ કરી શકશે.

• માલ્દોવા •

→ પૂર્વ યુરોપનો દેશ છે. જે રોમાનિયા અને યુક્રેન સાથે સરહદ ધરાવે છે.

→ રાજધાની - ચિસીનાઉ.

→ GDPના આધારે યુરોપનો બીજો સૌથી ગરીબ દેશ.

Current Affairs By C.H.Shingala

**(*) યૂક્રેનની સંસદે કેદીઓને સેનામાં સામેલ થવા અનુમતિ આપતું વિધેયક પસાર કર્યું.**

[I] દેશમાં સૈન્ય કર્મીઓની અતિ આવશ્યકતા વચ્ચે આ વિધેયક પસાર કરવામાં આવ્યું છે. હાલ યૂક્રેની સેના જનશક્તિની ગંભીર અછતનો સામનો કરી રહી છે.

[II] આ વિધેયકને લાગૂ કરતા અગાઉ સંસદના અધ્યક્ષ વેરખોવના રાડા અને રા.પતિ વોલોદિમીર ઝેલેન્સ્કીની અંતિમ મંજૂરી જરૂરી રહેશે.

[III] વિધેયક અનુસાર સેનામાં ભાગીદારી સ્વૈચ્છિક રહેશે અને વિશિષ્ટ કેદીઓની શ્રેણી સુધી સીમિત રહેશે.

[IV] યૌન હિંસા, ગંભીર ભ્રષ્ટાચાર, હત્યાના દોષિતોને પાત્રતામાંથી બહાર રાખવામાં આવ્યા છે. તથા પાત્રતા યોગ્ય કેદીની સજામાં ત્રણ વર્ષથી ઓછો સમય બાકી હોવો જરૂરી છે.

Current Affairs By C.H.Shingala
GPSC

## One Liner News

(A) ભારતે UNનું પૂર્ણ સભ્ય બનવા માટેનું ફિલિસ્તાનના પ્રસ્તાવને સમર્થન આપ્યું.

(B) ભારત 2026 સુધીમાં જર્મની અને જાપાનને પાછળ રાખી ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ અગ્રેસર.

(C) ભારતે મોરીશસને બિન-બાસમતી સફેદ ચોખાના નિકાસની મંજૂરી આપી.

(D) HDFC Life એ કેકી મિસ્ત્રીને પોતાના ચેરમેન નિયુક્ત કર્યા.

(E) ભારતી સ્ટેટ બેન્કના એકીકૃત શુદ્ધ લાભમાં 1૮% વૃદ્ધિ થઈ.

(F) જોન સ્વાઈની સ્કોટલેન્ડના સાતમાં પ્રધાનમંત્રી બન્યા.

# * 15 મે 2024 *

## (*) એશિયન ટ્રેમ્પોલિન જિમ્નાસ્ટિક ચેમ્પિયનશિપ

I) ભારતની સૃષ્ટિ ખંડાગલે આ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો. આ ચેમ્પિયનશિપમાં મેડલ મેળવનાર તે પ્રથમ ભારતીય બની.

II) કઝાકિસ્તાનની ડાસગાપોલાવાએ ગોલ્ડ અને હોંગકોંગની એસ હંગે સિલ્વર મેડલ મેળવ્યો હતો.




III) આ ચેમ્પિયનશિપ હોંગકોંગ, ચીન ખાતે આયોજિત કરવામાં આવી હતી. જેમાં 12 એશિયાઈ દેશો અને અન્ય ક્ષેત્રના 120થી વધુ વિશિષ્ટ ટ્રેમ્પોલિન એથ્લેટોએ ભાગ લીધો હતો.

## (*) અમન સહરાવત 2024 પેરિસ ઓલિમ્પિક માટે ક્વોલિફાય કરનાર પ્રથમ ભારતીય પુરુષ પહેલવાન બન્યા.

I) તેમણે ઈસ્તાંબુલ, તુર્કીયેમાં વિશ્વ કુશ્તી ઓલિમ્પિક ક્વોલિફાયરમાં પુરુષ 57kg ફ્રીસ્ટાઇલ વર્ગમાં પેરિસ ક્વોટા મેળવ્યો.

II) તેમણે 2024 ઓલિમ્પિક માટે કુશ્તીમાં ભારતના છઠ્ઠો ક્વોટા માટે સેમિફાઇનલમાં કોરિયાના ચોંગસોંગ હાનને 12-2થી હાર આપી.



## (*) સુલ્તાન અજલાન શાહ કપ - 2024

(I) જાપાન અને પાકિસ્તાન વચ્ચે રમાયેલાં આ કપમાં જાપાને પ્રથમવાર જીત મેળવી.

(II) જાપાને 2-2 થી ડ્રો બાદ શૂટઆઉટમાં પાકિસ્તાનને 3-1 થી હાર આપી.

(III) 2024 સુલ્તાન અજલાન શાહ કપ, સુલ્તાન અજલાન શાહ કપની 30મી આવૃત્તિ હતો. જે 4 થી 11 મે, 2024 સુધી ઈપોહ, મલેશિયામાં આયોજિત થયો હતો.

(IV) સુલ્તાન અજલાન શાહ કપ વાર્ષિક પુરુષોનો આંતરરાષ્ટ્રીય ફીલ્ડ હોકી ટુર્નામેન્ટ છે.




## (*) ભારત-ઈરાને ચાબહાર બંદરના સંચાલન માટે લાંબા સમયગાળા માટેની સમજૂતી પર હસ્તાક્ષર કર્યાં.

(I) બંને દેશોએ શાહિદ-બેહિશ્તી પોર્ટ ટર્મિનલના સંચાલન માટે હસ્તાક્ષર કર્યા. આ હસ્તાક્ષર કેન્દ્રીય બંદરગાહ મંત્રી સર્બાનંદ સોનોવાલના નેતૃત્વમાં કરવામાં આવ્યા.

(II) ઈન્ડિયા પોર્ટ્સ ગ્લોબલ લિમિટેડ (IPGL) અને ઈરાનના બંદર અને સમુદ્રી સંગઠન વચ્ચે 10 વર્ષ માટે સમજૂતી કરવામાં આવી. સમજૂતી અનુસાર IPGL સમય અવધિ અનુસાર બંદરનું સંચાલન કરશે.

(III) IPGL બંદરમાં આશરે 120 મિલિયન અમેરિકી ડોલરનું રોકાણ કરશે. અને બંને રાષ્ટ્રો વચ્ચેની મહત્વની પરિયોજનાઓને વેગ આપશે.

(IV) આ બંદર અફઘાનિસ્તાન અને મધ્ય એશિયા સાથે વ્યાપાર માટે અત્યંત મહત્વપૂર્ણ છે. ચાબહાર બંદર ઈરાનના સિસ્તાન-બલૂચિસ્તાન પ્રાંતમાં સ્થિત છે.



## (*) આંતરરાષ્ટ્રીય પરિવાર દિવસ- 15 મે

I. પારિવારિક કલ્યાણને વેગ આપવા અને પરિવારોને પ્રભાવિત કરતા સામાજિક, આર્થિક અને જનસાંખ્યિકી પરિવર્તનો બાબતે જાગૃતતા લાવવા આ દિવસ મનાવાય છે.

II. આ દિવસની સ્થાપના 1993માં UN દ્વારા કરવામાં આવી હતી.




III. વર્ષ 2024ની થીમ.

"વિવિધતાને અપનાવવી,
પરિવારને મજબૂત બનાવવો."

## (*) સુશીલકુમાર મોદીનું 72 વર્ષની વયે નિધન

I. તેઓ ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને બિહારના પૂર્વ નાયબ મુખ્યમંત્રી હતા. તેઓ કેન્સરથી પીડિત હતા.

II. 2005માં તેઓ પ્રથમવાર નાયબ મુખ્યમંત્રી બન્યા અને તેઓએ મુખ્યમંત્રી નીતિશ કુમાર પાસેથી 'ભામાશાહ' ઉપનામ મેળવ્યું હતું.

III. તેઓ લોકસભા, રાજ્યસભા, બિહાર વિધાનસભા અને બિહાર વિધાનપરિષદના સભ્ય રહી ચૂક્યા છે.



# કોઈપણ પરીક્ષા માટે થઈ જાઓ તૈયાર

જેટલી વહેલી મહેનત શરૂ કરશો, એટલી વહેલી સફળતા મળશે.

UP TO 40% OFF

## અમારાં મહત્વનાં પુસ્તકો - આજે જ વસાવો

IAS, IPS, DySP, Dy. Collector કે Class 1/2/3 અધિકારી બનવાનું કે સરકારી નોકરી મેળવવાનું આપનું સ્વપ્ન કરો સાકાર




MRP. ~~496/-~~ Only @ 299/-

MRP. ~~380/-~~ Only @ 230/-

MRP. ~~380/-~~ Only @ 230/-

Coming...

Coming...

**કોઈ પણ 3 BOOKS એક સાથે લેવા પર સ્પેશ્યલ Rs. 50/- Extra ડિસ્કાઉન્ટ**




MRP. ~~270/-~~ Only @ 162/-

MRP. ~~230/-~~ Only @ 170/-

MRP. ~~385/-~~ Only @ 235/-

MRP. ~~280/-~~ Only @ 168/-

MRP. ~~180/-~~ Only @ 126/-

ORDER

Visit website crackgpsc.com/books OR અથવા Crack GPSC એપમાં BOOKS વિભાગ પરથી OR અથવા અહીં આપેલ QR કોડ દ્વારા પેમેન્ટ કરો.

કુરિયર સર્વિસ FREE (4 થી 5 દિવસમાં ડિલીવરી)

QR કોડથી પેમેન્ટ કરીને સ્ક્રીનશોટ 76000 51070 પર Whatsapp કરો.

## Crack GPSC ની બુક્સ જોરદાર જ હોય

સરકારી નોકરીની તૈયારી માટે

76000 51070

ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

CRACK GPSC


# સ્પર્ધાત્મક પરીક્ષા માટે અગત્યનાં પુસ્તકો

**બુકની ઈમેજ પર ક્લિક કરી બુકની સંપૂર્ણ માહિતી મેળવો અને ઓર્ડર કરો.**

























ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

**CRACK GPSC**

**UPSC - GPSC - PI - PSI - RFO**

**Dy. SO/મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ**

TAT | TET | HTAT

**એક એપ, બધી પરીક્ષાઓ**



**વધુ માહિતી માટે Crack GPSC એપમાં BOOKS વિભાગ વિઝિટ કરો. એમેઝોન પર પણ ઉપલબ્ધ .**

# એક એપ, બધી પરીક્ષાઓ

કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી આટલી સરળ ક્યારેય નહોતી...

# સરકારી નોકરીની તૈયારી કરો

ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

## CRACK GPSC

**UPSC - GPSC - PI - PSI - RFO**

**Dy. SO / નાયબ મામલતદાર | ક્લાર્ક | તલાટી | કોન્સ્ટેબલ**

**TAT | TET | HTAT**



- ક્લાસ 1, 2 અધિકારી બનવાનું કે સરકારી નોકરી મેળવવાનું સ્વપ્ન કરો સાકાર.
- ડાઉનલોડ કરો Crack GPSC એપ અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી

અનુભવી અને સફળ ફેકલ્ટીઝ સાથે ઓછા સમયમાં સચોટ તૈયારી એટલે **Crack GPSC**

વધુ વિગત માટે સંપર્ક કરો. 7600051070

રામમંદિર પ્રાણપ્રતિષ્ઠા આનંદ મહોત્સવ નિમિત્તે

# હાર નહિ માનુંગા

## કોઈ પણ પરીક્ષા માટે થઈ જાઓ તૈયાર



ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

**CRACK GPSC**

## FEE ની ચિંતા છોડો, FREE તૈયારી કરો.

- **Video Courses** પર ક્લિક કરી **કોર્સ** પર ક્લિક કરો.
- **Redeem Code** પર ક્લિક કરી **CrackGPSC** કોડ દાખલ કરો.
- **APPLY** પર ક્લિક કરો. આપના કોર્સ તરત જ ON થઈ જશે.
(કોડ એક જ વખત નાખવો, વધુ વખત નાખવાથી કોર્સ કાયમ માટે બંધ થઈ શકે છે.)

અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.